The National Education Policy 2020 offers a transformative vision for literature education in India. By reimagining linguistic diversity as a profound strength, the policy provides a framework for celebrating the rich, complex literary heritage of the nation. Its success will depend on sustained commitment, innovative pedagogical approaches, and a genuine recognition of linguistic diversity as a fundamental cultural asset.

This approach does more than change educational practices; it represents a profound cultural statement about the value of linguistic diversity, the power of literary expression, and the importance of recognizing multiple narrative traditions.

## References

Ministry of Education. (2020). ***National education policy 2020***. Government of India. Ramanujan, A. K. (1999). ***Collected essays***. Oxford University Press.

Spivak, G. C. (2013). ***An aesthetic education in the era of globalization***. Harvard University Press.

Dhawan, N. (2018). ***Decolonizing postcolonial rhetoric***. Cambridge Scholars Publishing. Krishnaswamy, N. (2013). *The politics of postcolonial translation*. Routledge.

# આણંદ જિલ્લામાં મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા શિક્ષકો અને પ્રાઇમરી વિભાગમાં અભ્યાસ કરાવતા શિક્ષકોનો માનસિક સ્વાસ્થ્યનો તુલનાત્મક અભ્યાસ.

Fulare Payalben AmarSingh
J.P. Arts & Com. College, Killa Pardi
kunalpurbiya1989@gmail.com

## સારાંશ

હાલના અભ્યાસનો હેતુ "આણંદ જિલ્લામાં મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા શિક્ષકો અને પ્રાઇમરી વિભાગમાં અભ્યાસ કરાવતા શિક્ષકોનો માનસિક સ્વાસ્થ્યનો તુલનાત્મક અભ્યાસ."જે સજીવ જરૂરિયાતો અને સંજોગો વચ્ચે સંતુલન જાળવી રાખે છે.સંશોધનને અનુરૂપ શૂન્ય ઉત્કલ્પનાઓ રચેલ હતી. આ શૂન્ય ઉત્કલ્પનાઓ માટેમનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા 60 શિક્ષકો અને પ્રાથમિક શાળાના 60 શિક્ષકો, કુલ શિક્ષિકો =૧૨૦મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા 15 સ્ત્રી શિક્ષક,મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા 15 પુરુષ શિક્ષક, સમાવેશ કરવામાં આવ્યો.પ્રાથમિક શાળાના 15સ્ત્રી શિક્ષકો અને 15 પુરુષ શિક્ષક, નો માનસિક સ્વાસ્થ્ય તુલનાત્મક અભ્યાસ કરવા મા આવ્યો.જેમાં યદચ્છ નિદર્શ પ્રમાણે પસંદ કરેલ હતી. આ માનસિક સ્વસ્થ સિવાય અભ્યાસ માટે સમાવિષ્ટ ચલો લિંગ અને શાળાનો પ્રકાર છે. આ 120 શિક્ષકો (60 સ્ત્રી શિક્ષકો , 60 પુરુષ શિક્ષકો) ના નમૂના પર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો આનંદ જિલ્લા ની વિવિધ મનોદિવ્યાંગ બાળકો ને  અભ્યાસ કરાવતી વિશેષ શાળા નાશિક્ષકો અને પ્રાથમિક શાળાઓ ના શિક્ષકોનો અભ્યાસ કરવા. એક પ્રમાણભૂત આ અભ્યાસ માટે વિધાયક માનસિક સ્વાસ્થ્ય ઇન્વેન્ટરી-ડૉ. સી. ડી. અગા એ અને ડૉ. આર. ડી. હેલોડ દ્વારા વિકસિત. માનસિક સ્વાસ્થ્ય ઇન્વેન્ટરી  નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.ગોઠવણ ચલો પર વ્યક્તિગત પરિબળોના પ્રભાવને તપાસવા માટે ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. અભ્યાસના મુખ્ય તારણો દર્શાવે છે કે શાળાના બાળકોનું એડજસ્ટમેન્ટ મુખ્યત્વે છે શાળાના ચલો પર આધારિત છે જેમ કે શાળામાં હાજર શિક્ષણનું માધ્યમ, અને બાળકોનું લિંગ પણ ગોઠવણની સમસ્યાઓને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરે છે. મોટે ભાગે સમસ્યાઓ શાળાએ જતા બાળકો સાથે સંબંધિત ભાવનાત્મક ખલેલ, વૃદ્ધિ અને વિકાસ, શૈક્ષણિક અન્ડરચીવમેન્ટ અને સંબંધ સંબંધિત સમસ્યા.

## પ્રસ્તાવના :-

ખેડા જિલ્લામાંથી મહાત્મા ગાંધીજીના જન્મ દિવસે તા.૨/૧૦/૯૭ ના રોજ વિભાજીત નવનિર્મિત આણંદ જિલ્લામાં વર્ષ – ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ જિલ્લામાં પુરૂષોનું સાક્ષરતા

પ્રમાણ ૯૩.૨૩ ટકા અને સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૭૭.૭૬ ટકા અને આણંદ જિલ્લામાં સાક્ષરતાનું પ્રમાણ સરેરાશ ૮૫.૭૯ ટકા છે.

આણંદ એન.આર.આઈ જિલ્લો ગણાય વે. જેથી સૌથી વધુ શિક્ષિત અને સૌથી ઓછા શિક્ષિતના દરવાળા ગામડાઓ આ જિલ્લામાં અસ્તિત્વ ધરાવે છે. જયારે જિલ્લા પ્રાથમિક શાળાઓમાં કન્યા કેળવણીને વધુ ઉત્તેજન આપી સરેરાશ ૩૫ ટકા જેટલા સ્ત્રી અને પુરૂષોના સાક્ષરતા તફાવત ને શકય તેટલો ક્રમશઃ ઘટાડવા માટે જિલ્લાના વહિવટી તંત્ર દ્વારા વર્ષોથી પ્રયત્નો કરવામાં આવે છે. હાલ જિલ્લામાં ૩૫ ટકા થી ઓછી સ્ત્રી સાક્ષરતાવાળ ફકત ૧૭ ગામ છે. ૨૭ ટકા થી ઓછી સાક્ષરતા વાળા એકપણ ગામ નથી. આમ જોતાં શિક્ષણ ક્ષેત્રે મહત્વનો ફાળો બહોળો પ્રદાન કરેલ છે.જિલ્લા પ્રાથમિક શૈક્ષણિક માળખુ જોતાં આણંદ જિલ્લાના તાલુકા ૮(આઠ) છે. બીટ ૨૧ છે. તેમજ ૧૨૫ પગાર કેન્દ્રો આવેલા છે. બી.આર.સી. કેન્દ્રો – ૦૮ છે. અને સી.આર.સી. કેન્દ્રો ૧૬૪ છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણમાં કુલ ૧૦૩૨ શાળાઓ આવેલી છે. ધો. ૧ થી ૭ ની શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં અ.જાતિ માં કુમાર અને કન્યાઓ ૧૩૬૭૮ છે. અનુ.જન.જાતિમાં કુમાર અને કન્યા ૬૭૭૧ છે. બક્ષીપંચમાં કુલ ૧૮૩૯૭૬ છે. અન્યમાં ૯૨૮૬૩ છે. આમ કુલ વિદ્યાર્થીની સંખ્યા ૨૯૭૨૮૮ છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બાળકોની સારી એવી પ્રગતી ગયેલ છે.

જિલ્લા પ્રાથમિક શાળાઓમાં બાળકોને વિવિધલક્ષી અધ્યન આપવામાં આવે છે. બાળકોને શાળામાં આનંદમય શિક્ષણ મેળવે તથા રસપ્રદ પ્રવૃતિઓથી માહિતગાર થાય તે માટે બાળ મેળા, બાળ રમોત્સવ, વિજ્ઞાનમેળા, ગરબા સ્પર્ધા, શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન ગણિત મેળા સબંધિત સ્પર્ધા જેવી આનંદમય શિક્ષણ માટેની પ્રવૃતિઓ યોજવામાં આવે છે. આમ જિલ્લામાં પ્રાથમિકતાનો પાયો મજબુત છે.

## સમસ્યાકથન :-

. પ્રસ્તુત સંશોધન માટેની સમસ્યા આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવી હતી.
"આણંદ જિલ્લામાં મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા શિક્ષકો અને પ્રાઇમરી વિભાગમાં અભ્યાસ કરાવતા શિક્ષકોનો માનસિક સ્વાસ્થ્યનો તુલનાત્મક અભ્યાસ."

## પૂર્વ થયેલા અભ્યાસ:-

વિદ્યાર્થીઓ અને શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય માટે શિક્ષણ મંત્રાલયની પ્રશંસનીય પહેલ – શિક્ષણ મંત્રાલયની પ્રશંસનીય પહેલ

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય (Union Ministry of Education) અનુસાર તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારોને મંત્રાલયની પહેલને વ્યાપક પ્રચાર કરવાની સલાહ આપવામાં

આવી હતી. જેથી રસ ધરાવતા વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતાપિતા આ સેવાઓનો સંપૂર્ણ ઉપયોગ કરી શકે. NCERTની મદદથી શિક્ષણ મંત્રાલયે માનસિક સ્વાસ્થ્ય સર્વે હાથ ધર્યો (NCERT Mental Health Survey) હતો.

નવી દિલ્હી:શિક્ષણ મંત્રાલય (Union Ministry of Education) દ્વારા નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)ની મદદથી માનસિક સ્વાસ્થ્ય સર્વે હાથ ધરવામાં આવ્યો (NCERT Mental Health Survey) હતો. જેમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સર્વાંગી વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સર્વે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને લઈને તેમની ધારણા જાણવા માટે કરવામાં આવ્યો હતો. સર્વેક્ષણે વિદ્યાર્થીઓને તેમની લાગણીઓ પર પ્રતિબિંબિત કરવાની અને તેમના સુખાકારીને હકારાત્મક અથવા નકારાત્મક રીતે અસર કરતા પાસાઓ પર આત્મનિરીક્ષણ કરવાની તક આપી છે.

પહેલસર્વેક્ષણ: રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપતાં શિક્ષણ રાજ્યપ્રધાન અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું હતું કે, ''દેશભરની વિવિધ શાળાઓના ધોરણ 6 થી 12ના કુલ 3,79,842 વિદ્યાર્થીઓએ સર્વેમાં ભાગ લીધો હતો. શિક્ષણ મંત્રાલય દ્વારા તારીખ 06 સપ્ટેમ્બર 2022ના રોજ સર્વેક્ષણ અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. સર્વેક્ષણના એકંદર તારણો સૂચવે છે કે, મોટાભાગના વિદ્યાર્થીઓ તેમના જીવનમાં સારું કરવા માટે જવાબદાર હોવાનું અનુભવે છે.''વિદ્યાર્થી તણાવ: જો કે, વિદ્યાર્થીઓનો શારીરિક દેખાવ, અંગત અને શાળાના જીવનમાંથી સંતોષ અને લોકો તેમની લાગણીઓ અને આનંદના અનુભવો શેર કરવા માટે ઉપલબ્ધતા પણ વારંવાર મૂડ સ્વિંગ સાથે સંકળાયેલા હતા, અભ્યાસ, પરીક્ષા અને પરિણામ વિશે ચિંતા અનુભવતા હતા. આ વિદ્યાર્થી તણાવ મધ્યમથી માધ્યમિક સ્તર સુધી વધ્યો અને છોકરાઓ કરતાં છોકરીઓ દ્વારા વધુ નોંધવામાં આવ્યો. વિદ્યાર્થીઓ દ્વારા અપનાવવામાં આવેલી વ્યૂહરચનાઓમાં યોગ અને ધ્યાન માટે તેમની પસંદગીનો સમાવેશ થાય છે.

એક માહિતી પુસ્તિકા વિકસાવવા માટે પસંદગીની શહેરી અને ગ્રામીણ શાળાઓ, જલંધર (પંજાબ)માં પ્રાથમિક શાળાના શિક્ષકોમાં બાળકોની હળવી અને મધ્યમ માનસિક વિકલાંગતા અંગેના જ્ઞાનનું મૂલ્યાંકન કરવા માટેનો તુલનાત્મક અભ્યાસ.

અભ્યાસની પૃષ્ઠભૂમિ અને ઉદ્દેશ્યો: માનસિક મંદતા એ કોઈ રોગ નથી પરંતુ એક એવી સ્થિતિ છે જેમાં બૌદ્ધિક ક્ષમતાઓ ક્યારેય પ્રગટ થતી નથી અથવા મંદબુદ્ધિ વ્યક્તિને આવું જ્ઞાન પ્રાપ્ત કરવા સક્ષમ બનાવવા માટે પૂરતો વિકાસ થયો નથી. અભ્યાસનો ઉદ્દેશ્ય શહેરી અને ગ્રામીણ વિસ્તારના શાળાના શિક્ષકોમાં બાળકોની હળવી અને મધ્યમ માનસિક વિકલાંગતા અંગેના જ્ઞાનના સ્કોરનું મૂલ્યાંકન કરવાનો, શહેરી અને ગ્રામીણ શાળાના શિક્ષકો વચ્ચેના બાળકોના હળવા

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

અને મધ્યમ માનસિક વિકલાંગતા અંગેના જ્ઞાનના સ્કોરની તુલના કરવાનો છે. હળવા અને મધ્યમ માનસિક વિકલાંગતાના સંબંધમાં શહેરી અને ગ્રામીણ શાળાના શિક્ષક જ્ઞાન સ્કોર અને તેમના વસ્તી વિષયક ચલો સાથે જોડાણ શોધો અને વિકાસ માટે હળવા અને મધ્યમ માનસિક વિકલાંગતા સંબંધિત માહિતી પુસ્તિકા.

પારિભાષિક શબ્દોની વ્યાખ્યા.-

પ્રસ્તુત સંશોધનના શીર્ષકમાં સમાવિષ્ટ શબ્દો પણ તેના ચોક્કસ અર્થ સાથે પ્રયોજાય છે. આથી શબ્દોને વ્યાખ્યાયિત કરવાનું જરૂર બને છે.

માનસિક સ્વાસ્થ્ય:-

માનસિક સ્વાસ્થ્ય એટલે વ્યક્તિ અને સમાજનાં સંયોજન પર અસર કરતા બધાજ પરિબળોનો વ્યવસ્થિત અભ્યાસ અને અભ્યાસનાં પરિણામોનો ફાયદાકારક ઉપયોગ" – ડી.બી.કલીન

'માનસિક સ્વાસ્થ્ય એટલે લોકોના વ્યક્તિગત તેમજ સામાજિક દષ્ટીએ એવા પ્રકારના વર્તનનો વિકાસ કે જે કોઈ પણ પ્રકારની માનસિક બીમારી ને નિવારવા માટેની ઉત્તમ શક્તિ ધરવતો હોય" – હેડલી (૧૯૫૮)

## સંશોધનના હેતુઓ :-

સંશોધકે પોતાના મર્યાદિત સાધનો,શક્તિ અને સમયને લક્ષમાં લઈને નીચેના હેતુઓ નજર સમક્ષ રાખીને અભ્યાસ કરવાનું વિચાર્યું હતું

1. મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક માં માનસિક સ્વાસ્થ્ય ની જાતીયતા પર ની અસર તપાસવી.
2. પ્રાથમિક શાળાના શિક્ષકો માં માનસિક સ્વાસ્થ્ય પર જાતીયતા ની અસર તપાસવી.
3. પ્રાથમિક શાળાના શિક્ષકોમાં વ્યવસાયિક સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેનો સંબધ તપાસવો.

## સંશોધનની ઉત્કલ્પના :-

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે પોતાના સંશોધનને અનુરૂપ શૂન્ય ઉત્કલ્પનાઓ નીચે પ્રમાણે રચેલ હતી. પૂર્વધારણાઓ નીચે મુજબ હતી.

H01 મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક માં માનસિક સ્વાસ્થ્ય ની જાતીયતા વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

H02. પ્રાથમિક શાળાના શિક્ષકો માં માનસિક સ્વાસ્થ્ય પર જાતીયતા વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

H03 મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક અને પ્રાથમિક શાળાના શિક્ષકો માં

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

માનસિક સ્વાસ્થ્ય પર જાતીયતા વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

સંશોધનના ચલો :-

૧. સ્વતંત્ર ચલ :

1. જાતીયતા : સ્ત્રી, પુરુષ
2. શાળાનો પ્રકાર : વિશેષ શાળા, જિલ્લા પંચાયત સંચાલિત શાળા, નગરપાલિકા સંચાલિત શાળા,

૨.પરતંત્ર ચલ : માનસિક સ્વાસ્થ્ય

૭. સંશોધનની મર્યાદા :-

૧. પ્રસ્તુત સંશોધન ફક્ત મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક અને પ્રાથમિક શાળાના શિક્ષકો પુરતું માર્યાદિત કરવામાં આવ્યું હતું.

૨. પ્રસ્તુત સંશોધન ફક્ત મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક અને પ્રાથમિક શાળાના શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના માપન માટે તૈયાર ઉપકરણોનો ઉપયોગ કર્યો હતો.

૩. પ્રસ્તુત સંશોધન ફક્ત આણંદ જિલ્લા પુરતું જ મર્યાદિત રહ્યું હતું.

નમૂના પસંદગી :-

પ્રસ્તુત સંશોધનમાં નમૂનાના પસંદગી તરીકે આણંદ જિલ્લાની વિવિધ મનોદિવ્યાંગ બાળકો ને અભ્યાસ કરાવતી વિશેષ શાળા નાશિક્ષકો અને પ્રાથમિક શાળાઓ ના શિક્ષકોનો સમાવેશ કરવા માં આવ્યો. શિક્ષકોને યાદ્દચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા. આ યાદ્દચ્છિકરણ સમયે શિક્ષકોની જાતીયતા અને શાળાનો પ્રકાર જેવા ચલોને ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા. જેમાં...

મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા 60 શિક્ષકો અને પ્રાથમિક શાળાના 60 શિક્ષકો, કુલ શિક્ષિકો =૧૨૦ નમુના તરીકે લીધા.

મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા 15 સ્ત્રી શિક્ષક, મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા 15 પુરુષ શિક્ષક, નમુના તરીકે સમાવેશ કરવામાં આવ્યો.

પ્રાથમિક શાળાના 15સ્ત્રી શિક્ષકો અને 15 પુરુષ શિક્ષક, નો માનસિક સ્વાસ્થ્ય તુલનાત્મક અભ્યાસ કરવામાટે નમુના તરીકે લીધા .

માનસિક સ્વસ્થ સિવાય અભ્યાસ માટે સમાવિષ્ટ ચલો લિંગ અને શાળાનો પ્રકાર છે.

120 શિક્ષકો (60 સ્ત્રી શિક્ષકો , 60 પુરુષ શિક્ષકો) ના નમૂના પર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

સંશોધન પ્રકાર :-

પ્રસ્તુત સંશોધન વ્યાવહારિક સંશોધન પ્રકારનો હતો. તેમજ સંખ્યાત્મક સ્વરૂપ પણ ધરાવતો હતો.

સંશોધન પધ્ધતિ :-

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ સંશોધન પધ્ધતિ અને પ્રશ્નાવલી સંશોધન પદ્ધતિ મુજબ હાથ ધરવામાં આવ્યો હતો.

માહિતી પ્રાપ્ત કરવા માટેના ઉપકરણો :-

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે નીચે જણાવેલ તેયાર ઉપકરણોનો ઉપયોગ કર્યો હતો.

૧ આ અભ્યાસ માટે વિધાયક માનસિક સ્વાસ્થ્ય ઇન્વેન્ટરી-ડૉ. સી. ડી. અગા એ અને ડૉ. આર. ડી. હેલોડ દ્વારા વિકસિત. માનસિક સ્વાસ્થ્ય ઇન્વેન્ટરી નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

માહિતી પ્રાપ્તિની રીત :-

પ્રસ્તુત સંશોધનમાં નમૂનાનાં પાત્રોને “માનસિક સ્વાસ્થ્ય માપન સંશોધનીકા” આ ઉપકરણો ઉપયોગ આપવામાં આવ્યા હતા. અને તેના પર પ્રાપ્ત પ્રતિચારોના ગુણાંકન માટે ઉપકરણની માર્ગદર્શિકામાં આપેલ સુચનાઓનું અનુસરણ કરી કરેલ હતું

માહિતીના પૃથક્કરણની રીત :-

સારણી – ૧.

મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષકો અને પ્રાથમિક શાળાના શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના માપન નો સ્કોરનું સરેરાશ, SD અને t મૂલ્ય

મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષકો(n = 60) અને પ્રાથમિક શાળાના શિક્ષકોના(n = 60).

| Group | N | M | SD | “t” |
|---|---|---|---|---|
| મનોદિવ્યાંગ બાળકો ને અભ્યાસ કરાવતી વિશેષ શાળા નાશિક્ષકો | 60 | 38.25 | 13.97 | 1.06 |
| પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો | 60 | 41.18 | 16.37 | 1.06 |

Significant at .01 levels. (2.62)

કોષ્ટક 1 માં આપેલા પરિણામો પરથી, એવું દેખાય છે કે વચ્ચેની ગોઠવણ સમસ્યાઓની તીવ્રતા

. મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષકો અને પ્રાથમિક શાળાના શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના માપન સરેરાશ સ્કોર 38.25 અને 41.18 હતો.

આ શિક્ષકોઓના બે જૂથો વચ્ચે માનસિક સ્વાસ્થ્ય no તફાવત હતો

કમ્પ્યુટિંગ ટી રેશિયો દ્વારા આંકડાકીય રીતે પણ પરીક્ષણ કરવામાં આવ્યું હતું જે નોંધપાત્ર ન હોવાનું પણ જણાયું હતું (t=1.06).

મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષકો અને પ્રાથમિક શાળાના શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના તેથી રીતે કહી શકાય કે અલગ નહોતા

મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક અને પ્રાથમિક શાળાના શિક્ષકો માં માનસિક સ્વાસ્થ્ય પર જાતીયતા વચ્ચે સાર્થક તફાવત. શાળાનાશિક્ષકો માં નોધપત્રતફાવત ઓ સાબિત થયા .

**કોષ્ટક-2:**

મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક માં માનસિક સ્વાસ્થ્ય ની જાતીયતા વચ્ચે નો .સ્કોરનું સરેરાશ, SD અને t મૂલ્ય

મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક માં શાળાના સ્ત્રી શિક્ષક(n = 30) અને પુરુષ શિક્ષક (n = 30)

માનસિક સ્વાસ્થ્ય.

| Group | N | M | SD | "t" |
|---|---|---|---|---|
| મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં સ્ત્રી શિક્ષક | 30 | 40.10 | 15.55 | 1.03 |
| મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં પુરુષ શિક્ષક | 30 | 36.40 | 12.17 | 1.03 |

Significant at .01 levels. (2.62)

કોષ્ટક 2 માં આપેલા પરિણામો પરથી, એવું દેખાય છે કે મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક માં માનસિક સ્વાસ્થ્ય ની જાતીયતા વચ્ચે ના સરેરાશ સ્કોર્સ 40.10 અને 36.40 હતા. આ

શિક્ષક ઓના બે જૂથો ના સંદર્ભ માં માનસિક સ્વાસ્થ્ય નો તફાવત હતો કમ્પ્યુટિંગ ટી રેશિયો દ્વારા પણ આંકડાકીય રીતે પરીક્ષણ કરવામાં આવ્યું હતું જે નોંધપાત્ર ન હોવાનું પણ જણાયું હતું (t=1.03).

આથી કહી શકાય કે મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક માં માનસિક સ્વાસ્થ્ય ની જાતીયતા ભિન્નતા પર કોઈ તફાવત નથી

મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં શિક્ષક માં શાળાના સ્ત્રી શિક્ષક અને પુરુષ શિક્ષક માં માનસિક સ્વાસ્થ્ય ની જાતીયતા ભિન્નતા પર કરતા નોંધપાત્ર રીતે અલગ હશે સાબિત થયું નથી.

## કોષ્ટક 3

પ્રાથમિક શાળાના શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યના માપન ની જાતીયતા વચ્ચે નો .સ્કોરનું સરેરાશ, SD અને t મૂલ્ય .

પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક માં શાળાના સ્ત્રી શિક્ષક(n = 30) અને પુરુષ શિક્ષક (n = 30)

માનસિક સ્વાસ્થ્યના માપન

| Group | N | M | SD | "t" |
|---|---|---|---|---|
| પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક માં શાળાના સ્ત્રી શિક્ષક | 30 | 34.50 | 16.39 | 3.44 |
| પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક માં શાળાના પુરુષ શિક્ષક | 30 | 47.87 | 13.58 | 3.44 |

Significant at .01 levels. (2.62)

## કોષ્ટક 3

પ્રાથમિક શાળાના શિક્ષકોના માનસિક સ્વસ્થ્ય ઉચ્ચ હોવાનું જણાયું હતું પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકોના અને શાળાના પુરુષ શિક્ષકોના માનસિક સ્વસ્થ્ય સરેરાશ સ્કોર અનુક્રમે 34.50 અને 47.87 હતા અને

બે જૂથો વચ્ચે શિક્ષકોના  માનસિક સ્વસ્થ્ય સંદર્ભમાં તફાવત પણ ટી રેશિયોની ગણતરી દ્વારા આંકડાકીય રીતે ચકાસવામાં આવ્યો હતો જે પણ નોંધપાત્ર જણાયો હતો. (t=3.44). આમ, એમ કહી શકાય કે, શૈક્ષણિક ભારણ અને શાળાનું વાતાવરણપ્રાથમિક શાળાના શિક્ષકોના માનસિક સ્વસ્થ્ય વધારવામાં ફાળો આપી શકે છે.

## REFERENCES

Aggrawal, J.C. (2004). Psychology of learning and Development, Shipra Publication, Delhi.

Adjustment Inventory. Unpublished Ph. D. Thesis, M.S. University, Baroda.

Isakson, K. (1999). The adjustment of adolescents during the transition into high school: A

Short-term longitudinal study. Journal of Youth and Adolescence, 28, 1- 26.

Jansari A.B. (1971). Student problem Inventory. Bharti manomapan centre, Ahmedabad, India.

Tung, S. and Chahal, N. (2005). Relationship between Stress and Adjustment Adolescents

Females; A causal study, Journal of Personality study and Group Behavior, Amritsar, 25, 19-31.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

# NEP(2020) અને જાહેર પુસ્તકાલયનો શિક્ષણ માટે સહયોગી અભિગમ

ચેતનાબેન ઇશ્વરભાઇ પરમાર[1], ડૉ. ભાવિના નાયક[2]
પી.એચડી રિસર્ચ સ્કૉલર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત[1],
Librarian, The Sarvajanik College of Physiotherapy, Rampura, Surat-03[2]
[1] chetna2march@gmail.com, [2]bhavinanaik@gmail.com

**સારાંશ :**

ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં ૨૦૨૦ની નવી નીતિ (NEP)ના અમલીકરણમાં લાઈબ્રેરીઓ નિર્ણાયક અને બહુમુલી ભૂમિકા ભજવે છે.તેઓ જ્ઞાનના હબ તરીકે કાર્ય કરે છે અને NEPમાં દર્શાવે શૈક્ષણિક લક્ષ્યોને સમર્થન આપવામાટે નિમિત છે. પુસ્તકાલયો વિવિધ જ્ઞાન સંશાધનોને એસ્કેસ કરવાનું પ્રોત્સાહન આપે છે. સંશોધનને પ્રોત્સાહિત કરી શકે છે અને વાંચકોના નિર્ણાયક વિચાર કૌશલ્યોને પ્રોત્સાહન આપી શકે છે.પુસ્તકાલયો ડિજીટલ સાક્ષરતાના પ્રચારમાં યોગદાન આપી શકે છે જે NEPનું એક મહત્વપૂર્ણ પાસું છે. જેમ-જેમ શિક્ષણમાં ડિજિટલ શિક્ષણ સામગ્રીથી એક્સેસ પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, તેઓ ઉપભોકતાને ડિજિટલ ટુલ્સ અને ફેકલ્ટી પ્લેટફોર્મના અસરકારક ઉપયોગ પર સૂચનાત્મક માર્ગદર્શન અને સહાય પૂરી પાડે છે. જે તેમની ડિજીટલ સાક્ષરતા કુશળતામાં નોધપાત્ર સુધારા તરફ દોરી જાય છે.પુસ્તકાલયો શૈક્ષણિક, જર્નલ્સ, સંશોધન પત્રો અને પુસ્તકો સહીત વિદ્વતાપૂર્ણ સંશાધનોની વિશાળ શ્રેણીનો એક્સેસ પણ પ્રદાન કરે છે.NEP (2020), જે ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલી નેશનલ એજ્યુકેશન પોલિસી છે, તે શિક્ષણની ગુણવત્તામાં સુધારાઓ લાવવાનો અને સમગ્ર દેશમાં શિક્ષણને વધુ સસ્તું, સમાવિષ્ટ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. NEP (2020) એ પ્રાથમિકથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી ઘણા મહત્વના સૂચનો રજૂ કર્યા છે.

**ચાવી રૂપ શબ્દો:**

NEP-૨૦૨૦, ઉપભોકતા, સાર્વજનિક ગ્રંથાલય, શિક્ષણની ગુણવત્તામાં સુધારા, ડિજિટલ ટુલ્સ, ડિજિટલ શિક્ષણ

**1. પ્રસ્તાવના** :

માનવ સંશાધન વિકાસ મંત્રાલય (MHRD) ભારત સરકારના એક વિભાગના માર્ગદર્શન હેઠળ, ભારતમાં NEP૨૦૨૦ ની રચના શરુ કરવામાં આવી હતી અને ત્યારબાદ ૨૮ જુલાઈના રોજ કેન્દ્રીય કેબીનેટ દ્વારા મંજુર કરવામાં આવી હતી,નવી નીતિ ભારતના વિઝ્નની રૂપરેખા આપે છે તેની શિક્ષણ પરની અગાઉનિ રાષ્ટ્રીય નીતિને બદલીને NEP૨૦૨૦ રજૂ કરવામાં આવી છે. શૈક્ષણિક માળખું નિયમનકારીએ મીકેનીઝમ્સ અને ગવર્નન્સ પ્રોટોકોલના દરેક પાસાઓ માટે સુધારા કરી તેનું પુનઃ રચનાઓ કરવાનો પ્રયાસ છે જેનું મૂળ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને મૂખ્ય મુલ્યોમાં છે. આ નીતિ ટકાઉ વિકાસ માટેના ૨૦૩૦ના એજન્ડાના ધ્યેય ૪ (SDG૪) સાથે સરેખિત છે. NEPનો કેન્દ્રીય સિદ્ધાંત માનવતા પર ભાર મુકવાનો અને માનવતાવાદી ભાર આપી શિક્ષણને પ્રભાવિત કરવાનો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) એ ભારતીય શિક્ષણ ક્ષેત્રમાં વધુ સમાનતા, સમાવેશ અને ડિજિટલીકરણ માટે એક ક્રાંતિકારી પહેલ છે. આ નીતિ માત્ર શાળાઓ અને મહાવિદ્યાલયોની શૈક્ષણિક કામગીરીમાં સુધારાને પ્રોત્સાહન આપતી નથી, પરંતુ જાહેર પુસ્તકાલયો જેવા સામાજિક શૈક્ષણિક કેન્દ્રોની ભૂમિકા મજબૂત કરવા માટે પણ માર્ગદર્શન આપે છે.જાહેર પુસ્તકાલયો જ્ઞાનપ્રાપ્તિના સર્વસામાન્ય સાધન છે, જ્યાં પ્રાથમિક શિક્ષણથી લઈને વ્યાવસાયિક અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી સુધીની જરૂરી સંસાધનો ઉપલબ્ધ છે. NEP 2020 ડિજિટલ લર્નિંગ અને મલ્ટિ-લિંગ્વલ ટેક્નોલોજી દ્વારા સમગ્ર દેશના વિદ્યાર્થીઓ અને શિક્ષણ સમુદાય માટે મફત અને સમાન તકો ઉભી કરે છે.આ નીતિ હેઠળ જાહેર પુસ્તકાલયો માત્ર ગ્રંથસંગ્રહ કેન્દ્ર તરીકે જ નહીં, પરંતુ શૈક્ષણિક માર્ગદર્શન, ડિજિટલ ટેક્નોલોજી, અને જાતે શીખવાના કેન્દ્ર તરીકે પણ ઓળખાય છે. NEP 2020ના માધ્યમથી, જાહેર પુસ્તકાલયો શિક્ષણમાં સહયોગી અભિગમ વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, જ્યાં આ પ્રકારની ઍક્સેસ નબળું છે.

**2. NEP૨૦૨૦:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) એ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન લાવ્યું છે. આ નીતિ માત્ર પરંપરાગત શિક્ષણ પ્રણાલીને સુધારવા નહીં, પણ ટેક્નોલોજી અને નવી પદ્ધતિઓના ઉપયોગ દ્વારા આધુનિક શિક્ષણને વધુ સમાનતાવાદી

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

બનાવવા માટે તૈયાર કરવામાં આવી છે. NEP 2020ના અમલમાં જાહેર ગ્રંથાલયોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે ડિજિટલ રિસોર્સ અને શૈક્ષણિક સમાનતાની ઉપલબ્ધિ માટે મહત્વપૂર્ણ કેન્દ્ર બની શકે છે.રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) ભારતના શિક્ષણ મંત્રાલય દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલી નવી શિક્ષણ નીતિ છે, જેનો હેતુ ભારતીય શિક્ષણ પદ્ધતિમાં મુખ્ય સુધારા લાવવાનો છે. NEP 2020 ભારતીય શિક્ષણક્ષેત્ર માટે છેલ્લા 34 વર્ષમાં પ્રસ્તુત થયેલી પ્રથમ સુધારાત્મક નીતિ છે.

**3.જાહેર ગ્રંથાલયોની ભૂમિકા અને સામજિક વિકાસમાં સહયોગ :**

પુસ્તકાલયોને ક્યારેય માત્ર જ્ઞાનના ભંડાર તરીકે જ નહીં, પરંતુ એક શૈક્ષણિક અને સામાજિક કેન્દ્ર તરીકે જોવામાં આવ્યા છે. ગ્રંથાલયો શાળાઓ, મહાવિદ્યાલયો, અને સ્થાનિક સમુદાય માટે એક ઉન્મુક્ત જગ્યા પૂરી પાડે છે, જ્યાં વિવિધ શિક્ષણ સ્તરવાળા વિદ્યાર્થીઓ અને શિક્ષકો લાભ મેળવી શકે છે.NEP 2020ના દ્રષ્ટિકોણથી, પુસ્તકાલયોની ભૂમિકા માત્ર પ્રારંભિક અને ઉચ્ચ શિક્ષણ સુધી મર્યાદિત નથી. તે વ્યાવસાયિક તાલીમ, રિસર્ચ અને ડિજિટલ પેઢી માટેના જ્ઞાનવિસ્તાર સુધી વિસ્તરે છે.

જાહેર ગ્રંથાલયો વિવિધ શૈક્ષણિક સ્તરે વિવિધ ઉદ્દેશ્યો માટે ઉપયોગી બને છે, ખાસ કરીને NEP 2020 હેઠળ. તે તમામ ઉંમરના વિદ્યાર્થીઓ માટે માહિતીના સ્રોતો સુધી પહોંચ સુગમ કરે છે.જાહેર ગ્રંથાલયો કોઈપણ સમાજના શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક વિકાસ માટે એક મહત્વપૂર્ણ આધાર બની રહ્યા છે. આ ગ્રંથાલયો માત્ર પુસ્તકોના સંગ્રહસ્થાન નથી, પરંતુ જ્ઞાનના પ્રસાર, સમુદાયના સશક્તિકરણ, અને વૈચારિક વિકાસ માટેના કેન્દ્રો છે.

4. NEP 2020 હેઠળ પુસ્તકાલયોની નવી ભુમિકા

NEP 2020 શૈક્ષણિક માળખામાં પુસ્તકાલયો માટે નીતિગત દિશા દર્શાવે છે.

**4.1 મલ્ટિ-મોડલ ગ્રંથાલયોની રચના:**

NEP 2020 હેઠળ, ગ્રંથાલયોને ડિજિટલ તેમજ પરંપરાગત માધ્યમોનો મિશ્રણ કરીને મલ્ટિ-મોડલ ફોર્મમાં વિકસાવવામાં આવે છે.

**ડિજિટલ પ્લેટફોર્મ:** ઓનલાઇન પુસ્તકો, મોક ટેસ્ટ પેપર અને શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ છે.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

વિશ્વસનીય ડેટાબેઝ: વૈજ્ઞાનિક રિસર્ચ પેપર્સ, ઇ-બુક્સ, અને અન્ય શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ કરાવવા ધ્યાન આપવામાં આવે છે.

**4.2 શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે સહકાર:**

ગ્રંથાલયો હવે શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક હબ તરીકે કાર્ય કરે છે.

આ નીતિ હેઠળ, શિક્ષકો માટે નવી શિક્ષણ પદ્ધતિઓ શીખવા માટે સહયોગી ગ્રૂપ રચવામાં આવે છે.

**4.3 સ્થાનિક ભાષાઓમાં માહિતી:**

NEP 2020 મલ્ટિ-લિંગ્વલ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપે છે. આ મુજબ પુસ્તકાલયો ભારતની વિવિધ સ્થાનિક ભાષાઓમાં શૈક્ષણિક સામગ્રી પૂરી પાડે છે, જેનાથી દરેક વર્ગના વિદ્યાર્થીઓને સમાન તક મળે છે.

**4.4 પ્રવર્તિત ડિજિટલ સેવાઓ:**

પુસ્તકાલયો ડિજિટલ પ્લેટફોર્મ જેમ કે DIKSHA, SWAYAM, અને NDL (National Digital Library) સાથે સંકલિત છે.આ સેવા દ્વારા વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી માહિતી સરળતાથી મેળવી શકે છે.

**5.મફત શૈક્ષણિક ઉપકરણો:**

જાહેર ગ્રંથાલય વિદ્યાર્થીઓ માટે પુસ્તક, મેગેઝીન અને ડિજિટલ માધ્યમથી મફત અથવા ઓછી કિંમતમાં અભ્યાસસામગ્રી ઉપલબ્ધ કરાવે છે.

મફત શૈક્ષણિક ઉપકરણો વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક જીવનમાં બહુફાયદાકારક સાબિત થાય છે, ખાસ કરીને તે વિદ્યાર્થીઓ માટે જેમણે આર્થિક સક્ષમતા નહીં હોય. યરાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધએસરકારી અને ખાનગી પહેલો દ્વારા આ ઉપકરણો શૈક્ષણિક સ્તરે વિકાસ અને સમાનતાવાદ લાવવાના પ્રયાસમાં પૂરા પાડવામાં આવે છે.

**6.ડિજિટલ યુગમાં ગ્રંથાલય:**

NEP 2020 હેઠળ, ગ્રંથાલયોમાં ડિજિટલ માળખું વિકસાવવામાં આવ્યું છે, જેમાં ઈ-બુક્સ, ઑનલાઇન લેખો અને મલ્ટિ-મીડિયા સંસાધનોનો સમાવેશ થાય છે.ડિજિટલ યુગે માનવજીવનના દરેક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવ્યું છે અને તે ગ્રંથાલયની પરંપરાગત પ્રક્રિયાઓમાં પણ દેખાય છે આજે ગ્રંથાલય માત્ર શાંતિપૂર્વક વાંચન માટેની જગ્યા રહેવા કરતાં વધુ ટેકનોલોજી પર આધારિત શિક્ષણ અને માહિતીના કેન્દ્રો બની ચૂક્યા છે.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

**7.શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે પ્લેટફોર્મ:**

જાહેર ગ્રંથાલય શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે આંતરક્રિયાત્મક ફોરમ તરીકે કાર્ય કરે છે, જેમાં નવી શૈક્ષણિક પદ્ધતિઓ અને તાલીમ માટેની સુવિધાઓ ઉપલબ્ધ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 એ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં ક્રાંતિકારી ફેરફાર લાવવાનું લક્ષ્યાંક ધરાવતી નીતિ છે. આ નીતિ શૈક્ષણિક શામેલગીને સુનિશ્ચિત કરવા, મલ્ટિ-ડિસિપ્લિનરી અભિગમને પ્રોત્સાહન આપવા અને ડિજિટલ લર્નિંગની સાથે શૈક્ષણિક ઇક્વિટી લાવવાનું ઉદ્દેશ ધરાવે છે. NEP 2020 હેઠળ જાહેર પુસ્તકાલયો શિક્ષણક્ષેત્રે મહત્વપૂર્ણ સહયોગી સ્થાનો તરીકે માને છે, કારણ કે તે તમામ ઉંમરના વિદ્યાર્થીઓ માટે માહિતીના આદરશ સ્રોતો પૂરા પાડે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) એ શિક્ષણના મૌલિક સુધારાઓ માટે ડિજિટલ ટેક્નોલોજી અને નવીન પદ્ધતિઓ પર ભાર મૂક્યો છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે નવી ટેક્નોલોજી આધારિત પ્લેટફોર્મ્સના વિકાસ દ્વારા શિક્ષણને વધુ અસરકારક અને સર્વસામાન્ય બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**8.જાહેર પુસ્તકાલયોનું મહત્વ:**

જાહેર પુસ્તકાલયો ખાસ કરીને ગ્રામીણ અને આર્થિક રીતે પછાત વિસ્તારોમાં જ્ઞાનને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ છે. આ પુસ્તકાલયો શૈક્ષણિક માહિતી, ટેકનિકલ જ્ઞાન અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે મહત્વપૂર્ણ સાધનો પૂરા પાડે છે.

જાહેર પુસ્તકાલયો(Public Libraries) એ જ્ઞાન અને શિક્ષણ માટેનું મહત્વપૂર્ણ સાધન છે. તેઓ સમુદાયના બધા વયના લોકોને જ્ઞાન મેળવવા, જીવન કૌશલ્ય વિકાસ માટે અને મનોરંજન માટે ઉપયોગી બને છે. અહીં જાહેર પુસ્તકાલયોના મહત્વને વિવિધ પરિપ્રેક્ષ્યમાં સમજાવવામાં આવ્યું છે

**9.શૈક્ષણિક માળખામાં સહકાર:**

NEP 2020માં જાહેર પુસ્તકાલયોને શાળાઓ, મહાવિદ્યાલયો અને સંશોધન કેન્દ્રોની સાથે જોડવાનો ઉલ્લેખ છે.પુસ્તકાલયો માત્ર પુસ્તકો પૂરાં પાડતા નથી, પણ ઓનલાઈન રિસોર્સ, મલ્ટિ-મિડિયા લર્નિંગ અને ડિજિટલ લાઇબ્રેરીઝની સાહાય્યતા ઉપલબ્ધ કરાવે છે.રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) એ શૈક્ષણિક માળખાને વધુ સમાનતાવાદી, ઉપલબ્ધ, અને

ટેક્નોલોજી આધારિત બનાવવા માટે અનેક સુધારાઓ અને નવિન સંકલ્પનાઓને પ્રોત્સાહન આપ્યું છે.

**10. ઉપસંહાર :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અને જાહેર પુસ્તકાલયોના સહયોગી અભિગમ દ્વારા શિક્ષણના ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તનની શરૂઆત થઈ છે. NEP 2020ના ઉદ્દેશ્ય મુજબ, દરેક શિક્ષણપ્રેમી અને શીખવવાની પ્રત્યે વચનબદ્ધ વ્યક્તિ માટે શિક્ષણ વધુ સુલભ, સમાનતાવાદી, અને સર્વગ્રાહી બનતું જાય છે.જાહેર પુસ્તકાલયો શિક્ષણ માટે જ્ઞાનના ભંડારરૂપે કાર્ય કરે છે, જ્યાં ડિજિટલ અને પરંપરાગત માધ્યમોનો મિશ્રણ શૈક્ષણિક વિકાસમાં મોખરે છે. NEP હેઠળ નવું ડિજિટલ માળખું, મલ્ટિ-લિંગ્વલ ટેક્નોલોજી, અને માહિતીના મફત સ્રોતો વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે એક મહત્વપૂર્ણ સાધન બની રહ્યા છે.જ્યાં એક તરફ આ નીતિ ગ્રામીણ વિસ્તારોમાં શૈક્ષણિક સ્તરે સમાનતાવાદી શક્યતાઓ લાવે છે, ત્યાં બીજી તરફ ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ખોટને પુરું કરવા એક મોટો પડકાર પણ છે. જો NEPના તમામ પાસાઓનું યોગ્ય અમલીકરણ કરવામાં આવશે, તો તે માત્ર શિક્ષણ ક્ષેત્રે પરંતુ સામાજિક વિકાસ માટે પણ એક મજબૂત પાયો સાબિત થશે.NEP 2020 અને જાહેર પુસ્તકાલયોનો સહયોગ ભવિષ્યના શ્રેષ્ઠ શિક્ષણ માળખાના નિર્માણ માટે નવું મોખેરું સ્થાપિત કરશે, જ્યાં જ્ઞાન, પ્રેરણા, અને ટેક્નોલોજીનું સંમિશ્રણ એક સમાનતાવાદી સમાજ માટે માર્ગદર્શક બનશે.

સંદર્ભસૂચિ

1. રાષ્ટ્રીય શિક્ષણનીતિ(2020), માનવ સાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર, ન્યુદિલ્લી.
2. ગ્રંથાલયો દ્વારા જ્ઞાન આધારિત સમજનું નિર્માણ,અમદાવાદ (2013).ગ્રંથાલય સેવા સંઘ, પૃ.૬૫
3. શાહ, ચેતના (૨૦૧૪)International journal of research in all subject in multi languages,ગ્રામીણ ચેતનાનો આધાર: ગ્રામ ગ્રંથાલય ગ્રામ ગ્રંથાલય: Vol. 2, Issue:2, February, અમદાવાદ , ડૉ બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી. પૃ.૧-3
4. ડો. કિરીટ આર. ચૌહાણ .International journal of creative research thoughts (રાષ્ટ્રીય શિક્ષણનીતિ(NEP), 2020 અને શિક્ષક –પ્રશિક્ષણ (vol-10, issue-10, oct-2022)

5. K V, jayamma. (2023). Role of Libraries in Implementing the New Education policy 2020 in Higher Education in India. *Asian Journal of Information Science and Technology*, *13*(02), 66–71. https://doi.org/10.51983/ajist-2023.13.2.3748

6. Rajendra S, L. (2024). National Educational Policy (NEP2020) and Role of Libraries. *International Journal of Humanities Social Science and Management (IJHSSM)*, *4*(4), 235–237. https://doi.org/www.ijhssm.org
7. https://www.researchgate.net/publication/364344687_National_Education_Policy-2020_and_Value_of_the_Libraries

# "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(NEP) 2020 અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે માહિતીના સ્ત્રોતોનો ઉપયોગ"

Hemaxi N Dhimmar[1], Dr. Bhavina J Naik[2]
Ph.D. Research scholar, Dept.of Library and Information science, Veer Narmad South Gujarat Univerity, Surat,Gujarat-India,[1]
Librarian, Sarvajaik College of Physiotherapy, Rampura, Surat, Gujarat-India[2]
dhimmarhemaxi17@gmail.com, bhavinanaik@gmail.com

**સારાંશ:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 એ શિક્ષણ ક્ષેત્રમાં ડિજિટલિકરણ અને શ્રેષ્ઠ માહિતી ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ સુધારાઓની શરૂઆત કરી છે. આ નીતિ ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે અસરકારક છે, કારણ કે તે ડિજિટલ પ્લેટફોર્મ, મલ્ટિ-લિંગ્વલ અભિગમ, અને નવું ટેકનોલોજીકલ માળખું પ્રદાન કરે છે.

SWAYAM, DIKSHA, અને NDLI જેવા ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસક્રમ માટે મફત અથવા ઓછી કિંમતમાં રિસોર્સ ઉપલબ્ધ છે. NEP 2020 મલ્ટિ-લિંગ્વલ ટેક્નિક્સ દ્વારા સ્થાનિક ભાષામાં માહિતી પ્રદાન કરે છે, જે સ્થાનિક તેમજ રાષ્ટ્રીય સ્તરે પરીક્ષાઓ માટે સહાયરૂપ છે. દક્ષિણ ગુજરાત જેવા વિસ્તારોમાં જિલ્લા અને તાલુકા પુસ્તકાલયો ડિજિટલ અને પરંપરાગત ટેક્નોલોજીના સંમિશ્રણ દ્વારા વિદ્યાર્થીઓને મદદરૂપ થાય છે.

જ્યાં આ નીતિ ડિજિટલ ઍક્સેસ અને શૈક્ષણિક સમાનતા વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે, ત્યાં ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ એક મોટો પડકાર છે. આ લેખ NEP 2020 હેઠળ ડિજિટલ રિસોર્સના ઉપયોગ, તાલુકા સ્તરે વિસ્તરણ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં વિદ્યાર્થીઓની વૃત્તિમાં આવેલા પરિવર્તનનું વિશ્લેષણ કરે છે.

**કીવર્ડ્સ:**

NEP 2020, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, માહિતીના સ્ત્રોતો, ડિજિટલ લર્નિંગ, મલ્ટિ-લિંગ્વલ ટેક્નોલોજી.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

**(1). પ્રસ્તાવના :**

આજે સમાજજીવન એવું વિષમ બન્યું છે કે વ્યક્તિના જીવનમાં ક્યારે પરિવર્તન આવે તે કહી શકાતું નથી. આજે કમ્પ્યુટર વિજ્ઞાન યુગમાં માનવીનો સાચો મિત્ર તો સારા ઉત્તમ પુસ્તકો જ છે. અંગ્રેજીમાં ઉક્તિ જાણીતી છે.

"A Good Book is mans Friend, Philosopher and Guide"

સારું પુસ્તક માનવીનો મિત્ર જ નહિ પણ તત્વચિંતક અને માર્ગદર્શક પણ બની શકે છે.

મિલ્ટ્ને કહ્યું છે કે " સારા પુસ્તકો આત્માનું જીવનરકત છે." પુસ્તકોમાં આત્મા હોય છે જે કદી નાશ પામતો નથી. જ્ઞાન એ આત્માની ભૂખ છે, આ જ્ઞાન માત્ર શિક્ષણ સંસ્થાઓમાં મર્યાદિત સમયગાળામાં પ્રાપ્ત થઈ શકતું નથી. તે આજીવન ચાલતી પ્રક્રિયા છે. એક સાધના છે. જ્ઞાન પ્રાપ્તિ એ વ્યક્તિમાત્રનું પરમ લક્ષ્ય છે. જ્ઞાન શક્તિના યુગમાં વાંચન એ મનવજીવનના વિકાસ માટે ઘણો આધાર છે. સારા પુસ્તકો સાચે માર્ગે દોરી પ્રકાશ બતાવે છે. જ્ઞાન મેળવવું એ આત્માની ભૂખ છે અને તે વાંચનથી સંતોષાય છે. ગ્રંથ વગરનું ઘર આત્મા વગરના શરીર જેવુ છે. વાંચન માનવીને કેળવે છે, ઘડે છે. વાંચન માનવીની ક્ષિતિજોને વિસ્તારે છે.

પાષાણયુગથી અંતરિક્ષયુગ સુધી મનુષ્યે જે પ્રગતિ કરી છે તેનો જીવતો ભંડાર આપના પુસ્તકાલયો છે. ગ્રંથાલયોના માધ્યમ દ્વારા મનુષ્યે પોતાના દ્રષ્ટિકોણો, વિચારો તેમજ અનુભવોને એક પેઢીથી બીજી પેઢી સુધી વારસામાં આપ્યા છે. તેથી તે ભૂતકાળ અને વર્તમાનની સાંકળ બનીને ભવિષ્યની પૃષ્ઠભૂમિ તૈયાર કરવામાં મહત્વનુ કાર્ય કરે છે.

દરેક પ્રકારના ગ્રંથાલયના ઉદ્દેશો સામાન્ય છે તેમાં સાર્વજનિક ગ્રંથાલય લોકોનું, તેમજ લોકો માટેનું ગ્રંથાલય છે. જેમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર દરેક લોકોને માહિતી પૂરી પાડવામાં આવે છે.

" સાહિત્ય એ સાહિત્યકારનું પ્રતિબિંબ છે.

જ્યારે શિક્ષણકાર્ય એ શિક્ષકનું પ્રતિબિંબ છે."

**(૨). સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિષે ટૂંકી માહિતી:**

સ્પર્ધાત્મક પરીક્ષાઓ એ એવી પરીક્ષાઓ છે, જે નોકરી, શૈક્ષણિક પ્રવેશ અથવા અન્ય ક્ષેત્રોમાં યોગ્ય અને શ્રેષ્ઠ ઉમેદવારની પસંદગી માટે યોજવામાં આવે છે. આ પરીક્ષાઓમાં ઉમેદવારોના જ્ઞાન, બુદ્ધિ અને ક્ષમતાનું મૂલ્યાંકન થાય છે.

આજના સ્પર્ધાત્મક પરીક્ષાના યુગમાં જોઈએ તો---

- શૈક્ષણિક પ્રવેશ માટેની પરીક્ષા:
  - JEE (ઈજનેરી માટે)
  - NEET (મેડિકલ માટે)
  - CAT (મેનેજમેન્ટ માટે)
  - CLAT (કાયદા માટે)

- સરકારી નોકરી માટેની પરીક્ષા:
  - UPSC (કેન્દ્રીય જાહેર સેવા આયોગ -IAS/IPS/IFS માટે)
  - SSC (સ્ટાફ સિલેકસન કમિશન) (કેમ્પ્ટ્રોલર, ક્લાર્ક વગેરે માટે)
  - GPSC (ગુજરાત જાહેર સેવા આયોગ)
  - બેન્કિંગ પરીક્ષાઓ (IBPS, SBI PO)
  - RRB (રેલ્વેની ભરતી માટે) રેલવે રિકરૂટમેન્ટ બોર્ડ
  - શિક્ષક યોગ્યતા કસોટી (TAT-TAT)
  - ગુજરાત પોલીસ ભરતી બોર્ડ(PSI અને કોન્સ્ટેબલ)
  - લોકરક્ષક ભરતી બોર્ડ
  - જેલ ભરતી બોર્ડ
  - નિગમો,
  - રેવન્યુ તલાટી
  - ઇન્કમટેક્સ ઇન્સ્પેકટર
  - જીવનવીમા નિગમ

વગેરે જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા સરકારી નોકરીમાં ભરતી ની તકો વધી છે. જેના લીધે પુસ્તકાલયોમાં આવા વિદ્યાર્થીઓ દ્વારા માહિતીના સ્ત્રોતોનો ઉપયોગ વધ્યો

છે. અને વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે.

**(3). રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) એ ભારતીય શિક્ષણ પદ્ધતિમાં એક ક્રાંતિપૂર્ણ બદલાવ છે, જે શિક્ષણ પ્રણાલીને વધુ સમાવેશી, સમાનતાવાદી અને ટેક્નોલોજી આધારિત બનાવવા પર કેન્દ્રિત છે. આ નીતિ માત્ર પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓના સુધારાને પ્રોત્સાહન આપતી નથી, પરંતુ વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યવસાયિક વિકાસ માટે ટેક્નોલોજી આધારિત અભિગમ રજૂ કરે છે. NEP 2020 ડિજિટલ લર્નિંગ અને મલ્ટિ-લિંગ્વલ સપોર્ટની મદદથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માહિતીના સ્ત્રોતો સુધી પહોંચ સરળ બનાવે છે. NEP 2020 એ વિશેષ ધ્યાનશીલા સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે UPSC, GPSC, SSC, બેન્કિંગ , રેલવે રિકરૂટમેન્ટ બોર્ડ, PSI અને કોન્સ્ટેબલ(સરકારી નોકરી માટે), NEET અને JEE (શૈક્ષણિક પ્રવેશ માટેની) જેવી પરીક્ષાઓ માટે તૈયાર થતા વિદ્યાર્થીઓને વધુ સારી રીતે માહિતી મેળવવાની સાથે જોડે છે. આ નીતિ હેઠળ, માહિતીના આધુનિક સ્ત્રોતો વધુ વ્યાપક બની રહ્યા છે, જે વિદ્યાર્થીઓની અભ્યાસક્રમ સાથે જોડાવાની વૃત્તિમાં ફેરફાર લાવી રહ્યા છે.

આ નીતિ માત્ર શાળાના શિક્ષણને જ નહીં, પરંતુ ઉચ્ચ શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ અને ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે મુખ્યરૂપે ડિઝાઇન કરવામાં આવી છે. UPSC, GPSC, SSC, NEET, JEE, અને અન્ય નેશનલ લેવલની પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે NEP 2020એ ટેક્નોલોજી આધારિત માહિતીના સ્ત્રોતોને ઉપલબ્ધ બનાવીને એક નવી દિશા દર્શાવી છે.

(૪). રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) અને માહિતીના સ્ત્રોતોનો પ્રભાવ:

૧. ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગમાં વધારો: NEP 2020ના મહત્તમ ઉદ્દેશ્યોમાં ડિજિટલ લર્નિંગ માટે પ્લેટફોર્મ્સ અને સાધનો વિકસાવવાનું મહત્વ છે.

- SWAYAM પ્લેટફોર્મ:

આ મફત ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે લાયકાતના વિષયોને સમજવા માટે ઉપયોગી છે. આ મફત અને ઓપન કોર્સ પ્લેટફોર્મ છે, જેમાં UPSC, GPSC, SSC, NEET અને JEE જેવી પરીક્ષાઓ માટે તૈયાર મટિરિયલ ઉપલબ્ધ છે.

- DIKSHA:

આ છે એક મલ્ટી-લિંગ્વલ ડિજિટલ પ્લેટફોર્મ, જે વિવિધ વર્ગના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક મટિરિયલ પૂરૂ પાડે છે. આ પ્લેટફોર્મ શાળા અને ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ માટે ખાસ ડિઝાઇન કરાયેલ છે. DIKSHA એક મલ્ટિ-લિંગ્વલ પ્લેટફોર્મ છે, જે વિદ્યાર્થીઓને માતૃભાષામાં માહિતી પૂરી પાડે છે. ખાસ કરીને આ પ્લેટફોર્મ ગ્રામિણ વિસ્તારોમાં ખૂબ ઉપયોગી સાબિત થયું છે.

- NDL (National Digital Library):

આ ઓનલાઈન લાઇબ્રેરી છે, જે વિદ્યાર્થીઓ માટે ઇ-બુક્સ, રિસર્ચ પેપર્સ અને મોડ્યુલ્સની વિશાળ શ્રેણી પૂરી પાડે છે.

૨. મલ્ટિ-લિંગ્વલ અને સ્થાનિક ભાષામાં માહિતી : NEP 2020ના ધ્યેયોમાં શિખણનું માધ્યમ માતૃભાષામાં લાવવાનો ઉલ્લેખ છે.

- આ નીતિ અંતર્ગત વિદ્યાર્થીઓને સ્થાનિક ભાષામાં અભ્યાસક્રમ, મોડ્યુલ્સ અને ટેક્સ્ટબુક્સ ઉપલબ્ધ થાય છે.
- ઓનલાઇન ડિજિટલ મટિરિયલમાં ગુજરાતી, હિન્દી અને અન્ય ભાષાઓનો સમાવેશ વધારવામાં આવ્યો છે.

૩. જાહેર પુસ્તકાલયો અને તેમની નવી ભૂમિકા : NEP 2020માં પાઠશાળાઓ, મહાવિદ્યાલયો અને જાહેર પુસ્તકાલયોનું આધુનિકીકરણ અવશ્યક છે.

- ડિજિટલ એક્સેસની સુવિધા દ્વારા હવે વિદ્યાર્થીઓ પોતાના મોબાઈલ અથવા કોમ્પ્યુટર પરથી ઉપયોગ કરી શકે છે.
- પુસ્તકાલયોમાં "મોક ટેસ્ટ પેપર" અને "રિસર્ચ માટિરિયલ્સ" જેવા મટિરિયલ્સ ઉપલબ્ધ છે.

૫. જાહેર પુસ્તકાલયોની ઉપયોગિતા: NEP 2020 હેઠળ, ભારતના વિવિધ વિસ્તારોમાં પ્રકાશિત થયેલા જાહેર પુસ્તકાલયો દ્વારા વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના સાધનો ઉપલબ્ધ છે.

- પ્રાથમિક અભિગમ: ડિજિટલ પુસ્તકાલય દ્વારા ઇ-બુક્સ, ડિજિટલ રિસોર્સ અને રિસર્ચ પેપર્સમાં સરળતાથી ઉપયોગ માટે પધ્ધતિ વિકસાવવામાં આવી છે.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

- વિદ્યાર્થીઓની માહિતી શોધવાની વૃત્તિમાં ફેરફાર:

1. પરંપરાગત માધ્યમોથી ડિજિટલ ટેક્નોલોજી તરફ:

- અગાઉ, વિદ્યાર્થીઓ મુખ્યત્વે પુસ્તકો અને કોચિંગ સેન્ટર્સ પર આધાર રાખતા હતા.
- હવે, ઓનલાઇન ક્લાસીસ, મોબાઈલ એપ્લિકેશન અને ઇ-બુક્સ જેવા સ્ત્રોતો પ્રાથમિક બની ગયા છે.

2. મોક ટેસ્ટ અને ઓનલાઈન પેક્ટિસ પ્લેટફોર્મ્સનો ઉપયોગ:

- સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે "મોક ટેસ્ટ" અને "પ્રેક્ટિસ પેપર" ઉપલબ્ધ કરાવતી વેબસાઇટ્સ અને એપ્લિકેશન્સ ખૂબ ઉપયોગી સાબિત થઈ રહી છે.

3. ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચે તફાવત:

- શહેરી વિસ્તારોમાં ડિજિટલ સાધનો અને ઇન્ટરનેટની ઉપલબ્ધતા વધુ છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં આ સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી.
- NEP 2020 આ તફાવત દૂર કરવા ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પ્રયાસશીલ છે.

4. સમુદાય આધારિત શિક્ષણ:

- વિદ્યાર્થીઓ હવે ગૃપ સ્ટડી, ઓનલાઈન ટ્યુટોરિયલ્સ અને ફોરમ્સ મારફતે શિખણને પ્રોત્સાહન આપે છે.

૬. રિમોટ લર્નિંગ અને ટેક્નોલોજી:

- રિમોટ એપ્લિકેશન્સ: ગ્રામીણ વિદ્યાર્થીઓ માટે DIKSHA જેવા પ્લેટફોર્મ મહત્વના બની છે.
- પ્રગતિશીલ ઉપકરણો: હવે, વિદ્યાર્થીઓ વધુ ટેક્નોલોજી આધારિત સાધનો, જેમ કે ઑનલાઈન ફોરમ્સ, ટ્યુટોરીયલ્સ અને કોલાબોરેટિવ લર્નિંગ ટૂલ્સ પર આધાર રાખે છે.

૭. મફત ડિજિટલ માધ્યમોની ઉપલબ્ધતા : NEP 2020 હેઠળ મફત ડિજિટલ સાધનો અને પ્લેટફોર્મ ઉપલબ્ધ થયા છે, જે પ્રાથમિક સ્ત્રોત તરીકે કામ કરે છે.

૮. NEP 2020 હેઠળ સુધારાના તકો અને પડકારો:

તકો:

- મફત ડિજિટલ રિસોર્સ ઉપલબ્ધ હોવાથી ગ્રામીણ અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે નવા માર્ગ ખૂલે છે.
- મલ્ટિ-ડિસિપ્લિનરી અભિગમને કારણે વિવિધ વિષયોની સરળ રીતે શિખણ શક્ય છે.
- ડિજિટલ માધ્યમોથી વિદ્યાર્થીઓની માહિતી શોધવાની વૃત્તિમાં નવો ઉછાળો જોવા મળ્યો છે.
- મલ્ટિ-લિંગ્વલ સપોર્ટ હેઠળ સ્થાનિક ભાષાઓમાં સરળતાથી અભ્યાસક્રમ તૈયાર કરવા માટે સાધનો ઉપલબ્ધ છે.

પડકારો:

- ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ: ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં.ઘણા વિસ્તારોમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટી અને ઇલેક્ટ્રોનિક સાધનોની અભાવ છે.
- ડિજિટલ લર્નિંગમાં કૌશલ્યની અવગણના: ઘણા વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન લર્નિંગ પદ્ધતિઓ નવી હોય છે, જેના માટે યોગ્ય તાલીમ આપવી જરૂરી છે.
- ડિજિટલ સાધનો પર આધાર વધતાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનું મનોમિલન ઘટી શકે છે.

૯. નિષ્કર્ષ:

NEP 2020એ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે માહિતીના સ્ત્રોતોનું ઉપયોગ વધારવા માટે નોંધપાત્ર પગલાં લીધાં છે. ડિજિટલ પ્લેટફોર્મ અને મલ્ટિ-લિંગ્વલ અભિગમ શિક્ષણમાં સંખ્યાબંધ સવલતો પ્રદાન કરે છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે. જો ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવામાં આવે, તો આ નીતિ ભારતીય શિક્ષણક્ષેત્ર માટે એક ક્રાંતિકારી પહેલ સાબિત થઈ શકે છે.

NEP 2020 એ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે માહિતીના સ્ત્રોતોનો ઉપયોગ વધુ સુગમ અને સમાનતાવાદી બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ડિજિટલ ટેક્નોલોજી અને મલ્ટિ-લિંગ્વલ અભિગમના કારણે, વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં નવી ક્ષમતા ઊભી થઈ છે. જો તમામ નીતિઓનો યોગ્ય રીતે અમલ થાય તો તે સ્પર્ધાત્મક પરીક્ષાની

તૈયારીમાં ભારતીય શિક્ષણ પ્રણાલીને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બનાવશે.રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 વિદ્યાર્થીઓના શિખણ માટે નવા દરવાજા ખોલે છે, ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર થતા વિદ્યાર્થીઓ માટે. ડિજિટલ લર્નિંગ, મલ્ટિ-લિંગ્વલ રિસોર્સ અને નવી પદ્ધતિઓ દ્વારા તેમના અભ્યાસ અને માહિતી શોધવાની પદ્ધતિઓમાં મહત્ત્વપૂર્ણ સુધારો થયો છે. જો આ નીતિનો સંપૂર્ણ અમલ કરવામાં આવશે તો તે શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ભારતીય શિક્ષણ પદ્ધતિમાં એક નવો માળખો સ્થાપિત કરશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 એ ભારતીય શિક્ષણમાં ડિજિટલિકરણ લાવીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે શ્રેષ્ઠતાનું માળખું ઉભું કર્યું છે. ડિજિટલ પ્લેટફોર્મ્સ, મલ્ટિ-લિંગ્વલ અભિગમ, અને ડિજિટલ લાઇબ્રેરી જેવા સ્ત્રોતોએ શિક્ષણ વધુ સરળ અને સમાનતાવાદી બનાવ્યું છે. જો ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત થાય અને ગ્રામીણ વિસ્તારોમાં આ સેવાઓ વધુ વ્યાપક બને, તો NEP 2020 માત્ર શિક્ષણક્ષેત્રમાં જ નહીં, પરંતુ દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં પણ મહત્વનો ભાગ ભજવી શકે છે.

## સંદર્ભસૂચિ

1). રાવલ,એન.જી.(૨૦૧૭). ***જનરલ નોલેજ.*** અમદાવાદ: નવનીત એજ્યુકેશન લિમિટેડ

૨). મહેતા,ડૉ. ચંદ્રકાન્ત(૨૦03). ***સંચાર-મધ્યમ સંશોધન.*** અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

૩). ચૌહાણ, મીનળ સી.(૧૯૯૩). ***સાર્વજનિક ગ્રંથાલયોની સામાજિક ભૂમિકા.*** અમદાવાદ:સેજલ પ્રકાશન.

૪). ***માહિતી સ્ત્રોતો પદ્ધત્તિઓ અને સેવાઓ***, અમદાવાદ: ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટિ, પૃ.૧૩૭.

૫). ***રાષ્ટ્રીય શિક્ષણનીતિ***(2020), માનવ સાંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર, ન્યુદિલ્લી.

૬). ***જીવનશિક્ષણ***(vol-67,issue-10, oct-2024), ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર.

૭). Mahedihasan, Gulamhaidar M(2018). A study of government district libraries of Gujarat state, Hemchandracharya north Gujarat university, patan, Pp. ૨

# ડિજિટલ યુગમાં માતાપિતા અને તરુણો વચ્ચેના અંતરનો અભ્યાસ

અહમદઅલી એન. ખણુસીયા
શોધછાત્ર, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,ગાંધીનગર.
Email : Khanusiyaa777@gmail.com

સારાંશ:

આ અભ્યાસ ડિજિટલ યુગમાં માતાપિતા અને તરુણો વચ્ચે વધતા અંતરને સમજવા માટે કરવામાં આવ્યો છે. ટેકનોલોજીના ઝડપી વિકાસને કારણે, તરુણો મોટાભાગનો સમય મોબાઈલ, ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા સાથે પસાર કરે છે, જેના કારણે માતાપિતા અને બાળકો વચ્ચે સંદેશાવ્યવહાર અને માનસિક જોડાણ ઓછું થઈ ગયું છે. આ અભ્યાસમાં હિમતનગર તાલુકાના માતાપિતા અને તરુણો વચ્ચેના સંબંધોને અનુસંધાનમાં રાખી, તેમના ટેકનોલોજી ઉપયોગ, સામાજિક અને માનસિક પ્રભાવ, અને અંતરના મુખ્ય કારણો જાણવા માટે સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. શોધમાં તારણ આવ્યું કે, ટેકનોલોજીનો વધતો ઉપયોગ, સંચાર પદ્ધતિઓમાં તફાવત, પેઢીગત મૂલ્યોમાં ભિન્નતા, ગોપનીયતા અને વિશ્વાસનો અભાવ, આ કારણે માતાપિતા અને તરુણો વચ્ચે અંતર વધતું જાય છે. આ અભ્યાસ દર્શાવે છે કે ખુલ્લી સંવાદશીલી, ટેકનોલોજીના નિયંત્રિત ઉપયોગ અને સંયુક્ત કુટુંબિય પ્રવૃત્તિઓ દ્વારા માતાપિતા અને તરુણો વચ્ચેનો સંબંધ મજબૂત બનાવી શકાય.

**ચાવીરૂપ શબ્દો :**

ડિજિટલ યુગ, માતાપિતા અને તરુણો વચ્ચેનું અંતર, ટેકનોલોજી અને સમાજ, સોશિયલ મીડિયા અને પરિવર્તન, સંચાર અને પેઢીગત તફાવત

**પ્રસ્તાવના :**

આજના ડિજિટલ યુગમાં, ટેકનોલોજીએ આપણા જીવનના દરેક પાસાને ઘેરી લીધા છે. આનાથી તરુણો અને માતાપિતા વચ્ચેના સંબંધોમાં નવો પરિમાણ ઉમેરાયો છે. એક તરફ જ્યાં ટેકનોલોજીએ સંદેશાવ્યવહારને સરળ બનાવ્યો છે, ત્યાં બીજી તરફ તેણે પેઢીઓ વચ્ચેના અંતરને પણ વધાર્યું છે. માતાપિતા માટે આ સમયમાં તરુણોની કાળજી રાખવી વધુ પડકારજનક બની છે, કારણ કે તરુણો મોટાભાગનો સમય મોબાઇલ ફોન, ઇન્ટરનેટ,

સોશિયલ મીડિયા કે અન્ય ડિજિટલ માધ્યમોમાં પસાર કરે છે. જેના લીધે માતાપિતા અને તરુણો વચ્ચેના સંબધોનું અંતર વધતું જણાઈ આવે છે. આ રિસર્ચ પેપર ડિજિટલ યુગમાં હિમતનગર તાલુકાના સંદર્ભમાં માતાપિતા અને તરુણો વચ્ચેના અંતરનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં અમે ટેકનોલોજીના ઉપયોગ, સંચારના માધ્યમો અને સામાજિક સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

શિર્ષક :

ડિજિટલ યુગમાં માતાપિતા અને તરુણો વચ્ચેના અંતરનો અભ્યાસ

અભ્યાસના હેતુઓ :

1. ડિજિટલ યુગમાં હિમતનગર તાલુકાના માતાપિતા અને તરુણો વચ્ચેના અંતરના કારણો જાણવા.
2. ડિજિટલ યુગમાં હિમતનગર તાલુકાના માતાપિતા અને તરુણો વચ્ચેના અંતરના પરિણામોને ઓળખવા.
3. ડિજિટલ યુગમાં હિમતનગર તાલુકાના માતાપિતા અને તરુણો વચ્ચેના અંતરની સમસ્યા અંતર્ગત ઉકેલ આપવા.

**અભ્યાસની પદ્ધતિ** :

આ અભ્યાસ માટે અમે હિમતનગર તાલુકાની વિવિધ શાળાઓ અને કોલેજોના 50 વિધાર્થીઓ અને તેમના માતાપિતાનું સર્વેક્ષણ કર્યું જેમાં ટેકનોલોજીના ઉપયોગ, સંચારની રીત અને સામાજિક સંબધોની ગુણવત્તા અને સમસ્યાઓના સમાધાન માટેના તેમના વિચારો જાણવા રૂબરૂ મુલાકાત અને પૂછપરછ વડે તેમની સમસ્યાઓ અને ઉપાયો જાણવાની કોશિશ કરી. જેમાં મોટાભાગના માતાપિતા અને વિધાર્થીઓ પાસેથી ડિજિટલ યુગમાં હિંમતનગર તાલુકામાં માતાપિતા અને તરુણો વચ્ચે અંતરના કારણો અને તેના પરિણામો નીચે મુજબ જોવા મળ્યા હતા.

**ડિજિટલ યુગમાં અંતરના કારણો :**

(1) ટેકનોલોજીનો વધુ પડતો ઉપયોગ :

તરુણો ટેકનોલોજી સાથે વધુ સારી રીતે જોડાયેલા હોય છે અને તેઓ સોશિયલ મીડિયા, ગેમિંગ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર વધુ સમય વિતાવે છે. આના કારણે તેઓ વાસ્તવિક જીવનના સંબંધોથી દૂર થઈ જાય છે અને માતાપિતા સાથે વાતચીત કરવામાં

**ISBN : 978-81-985609-7-1** **Year : April-2025**

ઓછો સમય આપે છે.

(2) સંચારના અલગ અલગ માધ્યમો :

માતાપિતા અને તરુણો સંદેશાવ્યવહાર માટે અલગ-અલગ માધ્યમોનો ઉપયોગ કરે છે. માતાપિતા ફોન કોલ અથવા મેસેજનો ઉપયોગ કરે છે, જ્યારે તરુણો વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ, ફેસબુક અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. આના કારણે વાતચીતમાં અસરકારકતાનો અભાવ રહે છે અને સંબંધોમાં અંતર વધે છે.

(3) પેઢીઓ વચ્ચેના મૂલ્યોમાં તફાવત :

ટેકનોલોજીના વિકાસ સાથે સમાજમાં મૂલ્યોમાં પણ પરિવર્તન આવ્યું છે. માતાપિતાના સમયમાં જે મૂલ્યો પ્રચલિત હતા, તે તરુણોના સમયમાં બદલાઈ ગયા છે. આ મૂલ્યોમાં તફાવતના કારણે પણ માતાપિતા અને તરુણો વચ્ચેના સંબંધોમાં તણાવ ઉભો થાય છે.

(4) ગોપનીયતા :

તરુણો પોતાની ગોપનીયતાને ખૂબ મહત્વ આપે છે અને તેઓ માતાપિતાને પોતાના વિશે બધું જ જણાવવા માંગતા નથી. આના કારણે માતાપિતાને લાગે છે કે તેઓ પોતાના બાળકોને સમજી શકતા નથી અને આના કારણે સંબંધોમાં ખાલીપો અનુભવાય છે.

**ડિજિટલ યુગમાં અંતરના પરિણામો :**

**(1) સંબંધોમાં તણાવ :**

ડિજિટલ યુગમાં અંતરના કારણે માતાપિતા અને તરુણો વચ્ચે વારંવાર ઝઘડા અને તકરાર થાય છે.

(2) **વિશ્વાસનો અભાવ** :

તરુણો માતાપિતા પર વિશ્વાસ કરવાનું બંધ કરી દે છે અને માતાપિતા પણ તરુણો પર વિશ્વાસ કરવાનું બંધ કરી દે છે.

**(3) માનસિક સ્વાસ્થ્ય પર અસર :**

ડિજિટલ યુગમાં અંતરના કારણે તરુણોમાં એકલતા, ચિંતા અને હતાશા જેવી માનસિક સમસ્યાઓ ઉભી થઈ શકે છે.

**(4) શૈક્ષણિક પ્રદર્શન પર અસર :**

ટેકનોલોજીના વધુ પડતા ઉપયોગના કારણે તરુણોનું શૈક્ષણિક પ્રદર્શન પણ પ્રભાવિત

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

થઈ શકે છે.

**ડિજિટલ યુગમાં અંતરની સમસ્યાના ઉપાયો :**

ડિજિટલ યુગમાં માતાપિતા અને તરુણો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા માટે ઘણી બધી વ્યૂહરચનાઓ અપનાવી શકાય છે. જે નીચે મુજબ છે.

**(1) સમય ફાળવો :**

દરેક માતાપિતાએ પોતાની રોજિંદા કાર્યોમાં અમુક સમય પોતાના તરુણો સાથે વાતચીત કરવા માટે ફાળવવો જોઈએ અને ટેકનોલોજીથી દૂર રહીને વાસ્તવિક જીવનની વાતચીત કરવી જોઈએ.

(2) સાથે સમય વિતાવો :

કોઈ પ્રવૃત્તિઓ સાથે મળીને કરો જે બંનેને ગમે. જેમ કે, ચાલવા જવું, ફિલ્મ જોવી, કોઈ નવી વસ્તુ શીખવી વગેરે.

**(3) સાંભળવાનું શીખો :**

તમારા બાળકને ધ્યાનથી સાંભળો. તેઓ શું કહે છે તેને સમજવાનો પ્રયાસ કરો. તેમની લાગણીઓને માન આપો અને તેમને સમર્થન આપો.

**(4) સીમા નક્કી કરો :**

ટેકનોલોજીના ઉપયોગ માટે સ્પષ્ટ સીમા નક્કી કરો. દિવસમાં કેટલો સમય ટેકનોલોજીનો ઉપયોગ કરવો તે અંગે ઘરમાં અમુક નિયમો બનાવો.

**(5) સોશિયલ મીડિયાનો ઉપયોગ :**

તમારા બાળકના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર નજર રાખો અને તેમને સલામત રહેવા માટે માર્ગદર્શન આપો.

**(6) ખુલ્લા મનથી વાતચીત કરો :**

તમારા બાળક સાથે ખુલ્લા મનથી વાતચીત કરો. તેમના વિચારો, લાગણીઓ અને અનુભવો વિશે વાત કરો.

**(7) એકબીજાને માફ કરવાનું શીખો :**

કોઈ ભૂલ થઈ જાય તો એકબીજાને માફ કરવાનું શીખો.

**(8) સકારાત્મક વાતાવરણ બનાવો :**

ઘરમાં એક સકારાત્મક અને પ્રેમાળ વાતાવરણ બનાવો.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

**નિષ્કર્ષ :**

ડિજિટલ યુગમાં માતાપિતા અને તરુણો વચ્ચેનું અંતર એ એક જટિલ સમસ્યા છે. આ સમસ્યાને હલ કરવા માટે માતાપિતા અને તરુણો બંનેએ પ્રયત્નો કરવા પડશે. માતાપિતાએ તરુણો સાથે ખુલ્લા મને વાતચીત કરવી જોઈએ અને તેમની લાગણીઓને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. તરુણોએ પણ માતાપિતા સાથે સમય વિતાવવો જોઈએ અને તેમની સાથે સંબંધો મજબૂત કરવાના પ્રયાસ કરવા જોઈએ.

**સંદર્ભ સૂચિ :**


1. ઉચાટ, ડી.એ. (૨૦૦૯), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, રાજકોટ:સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
2. આચાર્ય, મોહિની (૨૦૦૮), શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ : અક્ષર પબ્લિકેશન.

# "ભારતમાં મુખ્ય શ્રમ બજાર સૂચકાંકોનો તાજેતરની પરિસ્થિતિનો અભ્યાસ"

**Ms. Dipikaben S. Vasave[1], Dr. Henal N. Bardoliwala[2],**

[1]Research Scholar, Department of Economics,

Veer Narmad South Gujarat University, Surat

[2]Assistant Professor, Department of Economics,

Akhand Anand Arts & Commerce College Ved Road, Surat

[1]**dsvasave1998@gmail.com**, [2]**henalbardoliwala1986@gmail.com**,

**ટૂંકસાર:-**

પ્રસ્તુત શોધ અભ્યાસ એ "ભારતમાં મુખ્ય શ્રમ બજાર સૂચકાંકોનો તાજેતરની પરિસ્થિતિનો અભ્યાસ" નાં સંદર્ભમાં કરવામાં આવેલ છે. અભ્યાસમાં સર્વેક્ષણનો સમયગાળો જુલાઈથી જૂનનો છે, જેમાં વર્ષ 2017-18 થી 2023-24 સુધીનાં સમયગાળાને આવરી લેવામાં આવેલ છે. અભ્યાસમાં બેરોજગારીનાં માપનનાં સંબંધમાં નિયુક્ત 'ભગવતી કમિટી - 1973' દ્વારા આપવામાં આવેલ ખ્યાલો હેઠળ, સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) અંતર્ગત ભારતમાં વર્ષ 2017-18 થી 2023-24 દરમિયાન શ્રમ બજાર સૂચકાંકોનો જેવાં કે, બેરોજગારી દર (UR), શ્રમબળ ભાગીદારી દર (LFPR) અને શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) નો અભ્યાસ કરી, આ તમામ દરોનાં આંકડાઓનું કોષ્ટકીકરણ અને આલેખ દ્વારા વિશ્લેષણ કરવામાં આવેલ છે. અભ્યાસના હેતુઓ જેવા કે- ભારતમાં સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં બેરોજગારીનો દર (UR), શ્રમબળ ભાગીદારી દર (LFPR) અને શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) જાણવાનો હેતુ તેમજ વિવિધ વય જૂથ, જાતિ અને વિસ્તાર પ્રમાણે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) અંતર્ગત શ્રમબળ ભાગીદારી દર (LFPR) જાણવાનો હેતુ રહેલો છે. અભ્યાસ સંબંધી માહિતી એકત્રીકરણ માટે માહિતીના દ્વિતીય સ્ત્રોતનું પ્રયોજન કરી અભ્યાસ સંબંધિત લેખ, વાર્ષિક અહેવાલ અને વિવિધ વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવેલ છે. આમ, અભ્યાસનાં તારણો પરથી એવું જણાય છે કે, અભ્યાસમાં સર્વેક્ષણનો સમયગાળો 2017-18 થી 2023-24 દરમિયાન ભારતમાં સામાન્ય સ્થિતિ (ps+ss) અને

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં બેરોજગારીનાં દર (UR) માં ઘટાડો નોંધાયો છે, જ્યારે શ્રમબળ ભાગીદારી દર (LFPR) અને શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) માં વધારો નોંધાયો છે. (Source: https://mospi.gov.in ) તેમજ વર્ષ 2017-18 થી 2022-23 વચ્ચે યુવાન પુરુષો અને સ્ત્રીઓ બંને માટે શ્રમબળ ભાગીદારી દર (LFPR) વધ્યો છે. જેમાં ગ્રામીણ વિસ્તારમાં અને ખાસ કરીને ગ્રામીણ મહિલાઓ માટે આ વધારો હકારાત્મક હતો. જ્યારે 15 થી 19 વર્ષની વય જૂથમાં LFPR સૌથી ઓછો હતો, કારણ કે આ સમયગાળા દરમિયાન યુવાનો શિક્ષણ પ્રણાલી સાથે જોડાયેલા હોય છે. તેમજ 20 થી 29 વર્ષની વયજૂથમાં LFPR માં લિંગ તફાવત વધે છે, તેથી આ ઉંમરમાં સ્ત્રીઓનો LFPR પુરુષોની સરખામણીમાં ઓછો હોય છે, જ્યારે પુરુષો માટે તે સાર્વત્રિક છે.(Source: Article: Trends in Youth Employment in India: 2017-18 To 2022-23).

**ચાવીરૂપ શબ્દ**:

સામાન્ય સ્થિતિ (ps+ss), વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS), બેરોજગારીનો દર (UR), શ્રમબળ ભાગીદારી દર (LFPR), શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR), કાર્યબળ (WF)

**1). પ્રસ્તાવના:-**

ભારતમાં મુખ્ય શ્રમ બજારનાં સૂચકાંકો જેવા કે, બેરોજગારી દર (UR), શ્રમબળ ભાગીદારી દર (LFPR) અને શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) વગેરેનો સમાવેશ થાય છે. આ સૂચકાંકોનો પ્રસ્તુત શોધ પેપરમાં અભ્યાસ કરવામાં આવેલ છે. ભારત દેશ વિવિધ પ્રકારની બેરોજગારીનો સામનો કરી રહ્યો છે. બેરોજગારી એક આર્થિક અને સામાજિક સમસ્યા છે. જે વિકસિત અને વિકાસશીલ બંને દેશોમાં જોવા મળે છે. ભારત લાંબા સમય સુધી અંગ્રેજોની ગુલામીમાં શોષણનો શિકાર રહ્યો છે. આવામાં વધતી વસ્તીના અનુરૂપ કૃષિનો વિકાસ અને ઉદ્યોગોની સ્થાપના ન થવાના કારણે રોજગારી સર્જનમાં પાછળ રહી ગયો છે. આઝાદી બાદ પણ વસ્તી વિસ્ફોટની સમસ્યાનાં કારણે બેરોજગારી ગંભીર સમસ્યા બની ગઈ છે. અર્થતંત્રમાં હાલ વસ્તી વૃદ્ધિનો પ્રશ્ન વિકટ છે, તેમાંય વિશેષ બેરોજગારીની સમસ્યાનો પ્રશ્ન. કારણકે જેમાં સમગ્ર વસ્તીનો નહીં પરંતુ એવા લોકોનો સમાવેશ થાય છે જેમને શ્રમદળનો ભાગ ગણવામાં આવે છે. (સામાન્ય રીતે 15 થી 59 વર્ષની વર્ગનાં વ્યક્તિઓને આર્થિક રીતે સક્રિય અથવા કાર્યશીલ માનવામાં આવે છે. બીજી બાજુ બાળકો,

વૃદ્ધો, અશક્ત લોકો, ગૃહિણીઓ કોઈ ઉત્પાદકીય કાર્ય કરતાં નથી તે તમામ શ્રમનો સક્રિય પુરવઠાનો ભાગ નથી.) શ્રમદળમાં મુખ્યત્વે 15 થી 59 વર્ષના વ્યક્તિઓનો સમાવેશ થાય છે. જેમાંથી 15 થી 19 વર્ષના યુવાનો શિક્ષણ પ્રણાલી સાથે સંકળાયેલા હોય છે અને 20 થી 29 વર્ષની ઉંમરના સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે લિંગ તફાવત વધતા સ્ત્રીઓનો શ્રમબળમાં ભાગીદારી દર ઘટે છે. જેથી રોજગાર પ્રાપ્ત લોકોની સરખામણીમાં બેરોજગારોની સંખ્યા વધે છે પરિણામે શ્રમિક વસ્તી ગુણોત્તરમાં પણ ઘટાડો નોંધાયો છે. અને અર્થતંત્રમાં વૃદ્ધિ અને વિકાસના માર્ગો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અવરોધાય છે. પરંતુ પ્રસ્તુત શોધ અભ્યાસમાં સર્વેક્ષણ વર્ષ 2017-18 થી 2023-24 નાં સમયગાળા દરમિયાન સામયિક શ્રમ બળ સર્વે (PLFS) ના ડેટા મુજબ, શ્રમ બજારનાં સૂચકાંકો: જેમાં બેરોજગારી દર (UR) માં ઘટાડો અને શ્રમબળ ભાગીદારી દર (LFPR) તેમજ શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) માં વધારો નોંધાયો છે. જેની સવિસ્તાર સમજુતી અભ્યાસમાં મેળવીશું.

**2). સમસ્યા કથન:-**

ભારત એક અતિ વસ્તી વાળો દેશ છે, જેમાં બેરોજગારીની સમસ્યા એક સામાન્ય સ્થિતિ છે. પરંતુ જો આ સમસ્યાને રુંધવા માટે સમયસર અને યોગ્ય પગલા લેવામાં ન આવે તો તે દેશના આર્થિક અને સામાજિક વિકાસ માટે અવરોધક સાબિત થઈ શકે છે. જેથી સરકાર વસ્તી વૃદ્ધિ અને બેરોજગારી ઘટાડવા માટે અવારનવાર કાર્યક્રમો અને નીતિઓને અમલમાં મૂકે છે. કારણ કે જો બેરોજગારીના દરમાં ઘટાડો થશે તો જ શ્રમબળ ભાગીદારી દર માં બેરોજગાર લોકોની સરખામણીમાં રોજગાર પ્રાપ્ત લોકોની સંખ્યા વધશે પરિણામે શ્રમિક વસ્તી ગુણોત્તરનું પ્રમાણ વધશે. જે દેશના વિકાસ માટે હકારાત્મક બાબત છે. આમ, ખરેખર હાલની સ્થિતિમાં મુખ્ય શ્રમ બજારના સૂચકાંકો જેમાં બેરોજગારી દર, શ્રમબળ ભાગીદારી દર અને શ્રમિક વસ્તી ગુણોત્તરનું પ્રમાણ જાણવું જરૂરી છે. જે ભવિષ્યમાં સરકારને દેશના વિકાસ માટેની નીતિ ઘડવામાં મદદરૂપ થશે. આમ પ્રસ્તુત શોધ અભ્યાસમાં સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં બેરોજગારી દર (UR), શ્રમબળ ભાગીદારી દર (LFPR) અને શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) જેવાં સૂચકાંકોનો અભ્યાસ કરવો જરૂરી બને છે.

**3). સંબંધિત સાહિત્ય સમિક્ષા:-**

Menon, R. And Nath, P. (2023) : પ્રસ્તુત શોધ અભ્યાસમાં વર્ષ 2017-18 અને

2018-19 નાં સમયગાળાને આવરી લેવામાં આવેલ છે. જેમાં PLFS નાં બે રાઉન્ડનો ઉપયોગ કરીને 15 થી 65 વર્ષની વયનાં શહેરી ભારતીય વ્યક્તિઓનો એક સંકલિત પેનલ બનાવી અને શ્રમદળમાં મહિલાઓના અનુભવો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. જ્યાં ભારતીય અર્થતંત્રમાં નીચી  ગતિશીલતાના પુરાવા મળે છે. જેમાં મહિલાઓને શ્રમદળમાં ભાગીદારીના સંદર્ભમાં નોંધપાત્ર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે મોટાભાગની મહિલાઓ સમગ્ર વર્ષ દરમિયાન શ્રમદળની બહાર રહે છે. પરંતુ જે મહિલાઓ તેમાં ભાગ લે છે તેમને નોંધપાત્ર ગેરફાયદાનો સામનો કરવો પડે છે. તેમજ મહિલાઓ માટે રોજગારી શોધવાનો દર પુરુષો કરતાં અડધો છે, જે અર્થતંત્રમાં મહિલાઓની શ્રમ માટેની નબળી માંગ દર્શાવે છે. મહિલાઓને રોજગારી અને બેરોજગારી બંનેમાંથી નોંધપાત્ર રીતે બહાર નીકળવાનો સામનો કરવો પડે છે, લગભગ ૧૮ ટકા રોજગારી મેળવતી મહિલાઓ તેમની નોકરી છોડી દે છે. અને વર્ષ દરમિયાન બિન ભાગીદારી તરફ જાય છે. જ્યારે વય અને શિક્ષણને ધ્યાનમાં લેવામાં આવે છે ત્યારે પણ મહિલાઓના સંબંધિત ગેરફાયદાઓ ચાલુ રહે છે, જેમાં યુવાન અને સ્નાતક મહિલાઓ માટે રોજગારી શોધવાનો દર સૌથી ઓછો જોવા મળે છે. અને શ્રમબળ માંથી બહાર નીકળવાનો દર પણ પુરુષો કરતાં ઘણો વધારે હોય છે. આમ, અભ્યાસમાં મહિલાઓની શ્રમબળ ભાગીદારી તપાસ કરતી વખતે માંગ બાજુનાં પ્રશ્નો પર ધ્યાન આપવાનાં મહત્વ પર ભાર મૂકવામાં આવેલ છે.

Digvijay, D.B. And Shafighi, N. (2021) :  પ્રસ્તુત શોધ અભ્યાસમાં વર્ષ 2000 થી 2019 સુધીના ડેટાનો ઉપયોગ કરી ભારતની બેરોજગારીની સ્થિતિ અને દેશનો જીડીપી અને ફુગાવાનો દર બેરોજગારીને કેવી રીતે પ્રભાવિત કરે છે તે વિશે જાણવાનો હેતુ રહેલો છે. પ્રસ્તુત અભ્યાસમાં ભારતમાં બેરોજગારી, જીડીપી અને ફુગાવાના દર વચ્ચેના સંબંધને નક્કી કરવા માટે રિગ્રેશન વિશ્લેષણનો ઉપયોગ કરવામાં આવેલ છે, જે બે કે તેથી વધુ ચલો વચ્ચેનો સંબંધ શોધવાની તકનીક છે. આમ, બેરોજગારી એ પરતંત્ર ચલ છે જ્યારે જીડીપી અને ફુગાવાનો દર એ સ્વતંત્ર ચલ છે. અભ્યાસના તારણો એ રેખીય રીગ્રેશન વિશ્લેષણ રૂપમાં રજૂ કરવામાં આવેલ છે. જેના ઉપયોગથી ભારતમાં જીડીપી અને ફુગાવાનો દર બેરોજગારીને કેવી રીતે પ્રભાવિત કરે છે તે સરળતાથી નક્કી કરી શકાય છે. આમ, અભ્યાસમાં જણાય છે કે, બેરોજગારી જીડીપી દ્વારા ખૂબ પ્રભાવિત થાય છે. દેશમાં

જીડીપીનો દર વધતા ભારતમાં બેરોજગારી ઘટે છે, જ્યારે ફુગાવાનાં દરનો બેરોજગારી દર પર કોઈ ખાસ પ્રભાવ પડતો નથી.

Dev, S. M. and Venkatanarayana, M. (2011) : પ્રસ્તુત પેપરમાં વર્ષ 1983 થી 2007-08નાં સમયગાળા દરમિયાન ભારતમાં યુવાનોની રોજગારી અને બેરોજગારીની સ્થિતિની તપાસ કરવામાં આવેલ છે. જેમાં શ્રમદળ અને કાર્યબળ ભાગીદારી દર, બેરોજગારી, અલ્પ રોજગારી, કામ કરતા ગરીબો, વૃદ્ધિ અને રોજગાર સ્થિતિ સ્થાપકતા વગેરેના વલણોનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. વસ્તી વિષયક લાભાંશ અથવા યુવા વૃદ્ધિના કારણે યુવા વસ્તીના હિસ્સામાં વધારો ભારતમાં ભવિષ્યનાં આર્થિક વિકાસના સ્ત્રોતોમાનો એક હોવાનું જણાય છે. શાળા અને કોલેજમાં પ્રવેશ દરમાં વધારો થવાથી શ્રમદળમાં યુવાનોનું પ્રમાણ ઘટી રહ્યું છે. પરંતુ શ્રમદળમાં તેમનું ઉચ્ચું પ્રમાણ સૂચવે છે કે, યુવા બેરોજગારી અને અલ્પરોજગારીની સમસ્યા આવનારા ઘણા વર્ષો સુધી ભારતમાં એ ગંભીર નીતિગત મુદ્દો બની રહેશે. આ પેપરમાં યુવાનો માટે ઉત્પાદક રોજગાર વધારવા અને બેરોજગારી ઘટાડવા માટે નીતિગત ભલામણો પણ રજૂ કરવામાં આવેલ છે. અને જો યુવાનોની શિક્ષણ પ્રાપ્તિ અને કૌશલ્ય વિકાસમાં સુધારો કરવા માટેના પગલાં લેવામાં નહીં આવે તો કાર્યબળની નબળી રોજગાર ક્ષમતા વસ્તી વિષયક લાભાંશને કારણે મળતા લાભોને અવરોધશે.

**4). અભ્યાસનાં હેતુઓ:-**

1) ભારતમાં સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં બેરોજગારીનો દર (UR) જાણવાનો હેતુ
2) ભારતમાં સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં શ્રમબળ ભાગીદારી દર (LFPR) જાણવાનો હેતુ
3) ભારતમાં સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) જાણવાનો હેતુ
4) ભારતમાં વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) અંતર્ગત વિવિધ વય જૂથ, જાતિ અને વિસ્તાર પ્રમાણે શ્રમબળ ભાગીદારી દર (LFPR) જાણવાનો હેતુ

5). સંશોધન પદ્ધતિ :-

પ્રસ્તુત શોધ અભ્યાસમાં દ્વિતીય માહિતીનાં સ્ત્રોતનું પ્રયોજન કરવામાં આવેલ છે.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

જેમાં અભ્યાસ સંબંધિત માહિતી એકત્રીકરણ માટે અભ્યાસ સંબંધિત લેખ, વાર્ષિક અહેવાલ અને વિવિધ વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવેલ છે. અભ્યાસમાં સર્વેક્ષણનો સમયગાળો જુલાઈ થી જૂનનો છે, જેમાં વર્ષ 2017-18 થી 2023-24 સુધીનાં સમયગાળાને આવરી લેવામાં આવેલ છે.

આમ, પ્રસ્તુત શોધ અભ્યાસ સામાન્ય સ્થિતિ (ps +ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં મુખ્ય શ્રમ બજાર સૂચકાંકો જેવાં કે, બેરોજગારી દર (Unemployment Rate), શ્રમબળ ભાગીદારી દર (Labour Force Participation Rate), શ્રમિક વસ્તી ગુણોત્તર (Worer Population Ratio) નાં સંદર્ભમાં કરવામાં આવેલ છે. આ બંને સ્થિતિમાં રોજગાર અને બેરોજગારીનાં તમામ મહત્વપૂર્ણ પરીણામોનો અંદાજ આપતાં ગ્રામીણ અને શહેરી વિસ્તારને આવરી લેતાં સાત વાર્ષિક અહેવાલો, જેમાં સર્વેક્ષણનો સમયગાળો જુલાઈ 2017-જૂન 2018 થી જુલાઈ 2023 -જૂન 2024 દરમિયાન સામયિક શ્રમ બળ સર્વે (PLFS) માં એકત્રિત કરવામાં આવેલાં ડેટાને આધારે બહાર પાડવામાં આવેલ છે.

- બેરોજગારીનો ખ્યાલ:-

ભારતમાં વિવિધ પ્રકારની બેરોજગારી જોવા મળે છે. તે દરેકને માટે એક સરખી આંકડાકીય માહિતી લાગું પાડી શકાય નહીં. આયોજન પંચ દ્વારા બેરોજગારીના માપનનાં સંબંધમાં નિયુક્ત કમિટી ‘ભગવતી કમિટી (1973)’ એ બેરોજગારીના માપન માટે ત્રણ ખ્યાલોની ભલામણ કરી છે.

1. સામાન્ય સ્થિતિની બેરોજગારી
2. વર્તમાન સપ્તાહિક સ્થિતિની બેરોજગારી
3. વર્તમાન દૈનિક સ્થિતિની બેરોજગારી

અહીં પ્રસ્તુત શોધ અભ્યાસમાં સામાન્ય સ્થિતિ અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિની બેરોજગારીના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવેલ છે. જેથી તેની સમજ આ મુજબ મેળવી શકાય:

**1). સામાન્ય સ્થિતિ ની બેરોજગારી (Usual Status Unemployment):-**

જો કોઈ વ્યક્તિને વર્ષ દરમિયાન 183 દિવસથી ઓછા દિવસ માટે રોજગારી મળે તો તેને “સામાન્ય સ્થિતિની બેરોજગારી” અથવા “લાંબાગાળાની બેરોજગારી” કહેવામાં આવે છે.

આમાં મુખ્યત્વે છૂટક કામ નહીં સ્વીકારતા શિક્ષિતો અને કામ માટે ઉપયોગી હોય તેના કરતાં અલગ તાલીમ મેળવેલા વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આની અંતર્ગત લોકોની સામાન્ય ગતિવિધિઓ વિશે જાણવાનો પ્રયાસ કરવામાં આવે છે. જેમ કે - વ્યક્તિઓમાંથી કેટલા પાસે રોજગાર છે, કેટલા બેરોજગાર છે વગેરે. આ સમીક્ષા વર્ષ પહેલાંના 365 દિવસોમાં કોઈ વ્યક્તિના કાર્યની સ્થિતિને પ્રદર્શિત કરે છે.

**2). વર્તમાન સાપ્તાહિક સ્થિતિની બેરોજગારી (Current Weekly Status Unemployment):-**

જે દિવસે મોજણી કરવામાં આવી હોય તેના અઠવાડિયા અગાઉ જો વ્યક્તિએ કામની શોધનાં પ્રયાસ કર્યા હોય અને તેમ છતાં પણ તેને એક પણ દિવસ કામ ન મળ્યું હોય તેવી સ્થિતિને "વર્તમાન સાપ્તાહિક સ્થિતિની બેરોજગારી" કહેવાય છે .

આ બેરોજગારી મુખ્યત્વે અનિયમિત અને ટૂંકા ગાળાની હોય છે અને તેના દ્વારા અઠવાડિયાની સરેરાશ બેરોજગારીની જાણકારી પ્રાપ્ત કરી શકાય છે. આની અંતર્ગત જો વ્યક્તિ આ અઠવાડિયામાં એક કલાક પણ કાર્ય પ્રાપ્ત કરવામાં સમર્થ રહે છે, તો તેને રોજગારમાં માની લેવામાં આવે છે.

- ભારતમાં વધતી બેરોજગારીની સમસ્યાને ધ્યાનમાં રાખતા સરકાર દ્વારા નીચે મુજબની યોજનાઓ શરૂ કરવામાં આવી છે:-

1. મનરેગા
2. પંડિત દિનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે કાર્યક્રમ
3. પ્રધાનમંત્રી યુવા યોજના
4. પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ
5. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના
6. સંકલ્પ (SANKALP)યોજના વગેરે.....

- ભારતમાં બેરોજગારી સંબંધિત આંકડાઓ નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન (NSSO) દ્વારા બહાર પાડવામાં આવે છે.

**6). બેરોજગારીની વ્યાખ્યા:-**

" જે વ્યક્તિ કામ કરવાની ઈચ્છા ધરાવતો હોય, યોગ્ય લાયકાત ધરાવતો હોય, બજારનો પ્રવર્તમાન વેતન દર સ્વીકારવા તૈયાર હોય અને કામની શોધ કરવાનાં પ્રયાસો

કરવા છતાં તે કામ મેળવી શકતો ન હોય તો તેને બેરોજગાર કહેવામાં આવે છે, આવી સામૂહિક સ્થિતિને બેરોજગારી નાં નામે ઓળખવામાં આવે છે."

સૂત્ર

$$\text{બેરોજગારી દર} = \frac{\text{બેરોજગાર શ્રમિકો}}{\text{કુલ શ્રમબળ}} \times 100$$

સમય (અઠવાડિયામાં 24 કલાક કે તેથી ઓછા સમય માટે કામ મળે), સંમતિ (લાયકાત ઊંચી હોવા છતાં નીચા સ્તરનું કામ કરવા માટે સંમતિ), આવક (ગરીબી દૂર કરી શકે તેના કરતા ઓછી આવક) અને ઉત્પાદકતા (શ્રમિકની ઉત્પાદકતા કરતા ઓછી ઉત્પાદકતા નું કામ મળે) નાં માપદંડો દ્વારા પણ બેરોજગારી નો ખ્યાલ વિસ્તૃત સ્વરૂપે નક્કી કરી શકાય છે.

**કોષ્ટક નં. 1.1** 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિ **(ps +ss)** માં બેરોજગારી દર **(UR)** ટકાવારીમાં:-

| સર્વેક્ષણનો સમયગાળો | ગ્રામીણ | | | શહેરી | | | ગ્રામીણ + શહેરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ |
| 2017-18 | 5.7 | 3.8 | 5.3 | 6.9 | 10.8 | 7.7 | 6.1 | 5.6 | 6.0 |
| 2018-19 | 5.5 | 3.5 | 5.0 | 7.0 | 9.8 | 7.6 | 6.0 | 5.1 | 5.8 |
| 2019-20 | 4.5 | 2.6 | 3.9 | 6.4 | 8.9 | 6.9 | 5.0 | 4.2 | 4.8 |
| 2020-21 | 3.8 | 2.1 | 3.3 | 6.1 | 8.6 | 6.7 | 4.5 | 3.5 | 4.2 |
| 2021-22 | 3.8 | 2.1 | 3.2 | 5.8 | 7.9 | 6.3 | 4.4 | 3.3 | 4.1 |
| 2022-23 | 2.7 | 1.8 | 2.4 | 4.7 | 7.5 | 5.4 | 3.3 | 2.9 | 3.2 |
| 2023-24 | 2.7 | 2.1 | 2.5 | 4.4 | 7.1 | 5.1 | 3.2 | 3.2 | 3.2 |

**Source**: Periodic Labour Force Survey Annual Reports [July 2023 – June 2024] (www.mospi.gov.in )

**Note:** (ps+ss) Determined Considering Both Principal Activity Status and Subsidiary Economic Activity Status 2023-24 Refers to The Period July 2023 – June 2024 And Likewise For 2022-23, 2021-22, 2020-21, 2019-20, 2018-19 And 2017-18

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

<u>આલેખ નં. 1.1</u> 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિ (ps +ss) માં બેરોજગારી દર(ટકાવારીમાં):-




→ ઉપરોક્ત કોષ્ટક અને આલેખ માં સર્વેક્ષણનો સમયગાળો 2017-18 થી 2023-24 દરમિયાન 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિમાં (ps+ss) બેરોજગારીનો દર દર્શાવવામાં આવેલ છે. જેમાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રી અને વ્યક્તિઓની બેરોજગારીનો દર ટકાવારીમાં દર્શાવવામાં આવેલ છે.

→ કોષ્ટક મુજબના આંકડાઓ જોતા ખ્યાલ આવે છે કે, ગ્રામીણ વિસ્તારોમાં, 2017-18 માં UR 5.3% થી ઘટીને 2023-24 માં 2.5% થયો જ્યારે શહેરી વિસ્તારોમાં તે 7.7% થી ઘટીને 5.1% થયો. આમ, 2017-18 થી 2023-24 સુધીનાં સમયગાળા દરમિયાન ભારતમાં સામાન્ય સ્થિતિની બેરોજગારીના દરમાં સતત ઘટાડો નોંધાયો છે. જ્યાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રીઓ અને વ્યકિતઓ 2017-18 માં અનુક્રમે 6.1, 5.6, 6.0 ટકા બેકાર હતા જે 2023-24 માં ઘટીને અનુક્રમે 3.2, 3.2, 3.2 ટકા જેટલો બેકારી દર નોંધાયો છે.

→ ટૂંકમાં, અભ્યાસનાં સમયગાળા દરમિયાન ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયની વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિમાં (ps+ss) બેરોજગારીનાં દર (UR) માં ઘટાડાનાં વલણો જોવા મળ્યા છે.

**કોષ્ટક નં. 1.2** 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS)માં બેરોજગારી દર (UR) ટકાવારીમાં:-

| સર્વેક્ષણનો સમયગાળો | ગ્રામીણ | | | શહેરી | | | ગ્રામીણ + શહેરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ |
| 2017-18 | 8.7 | 7.5 | 8.4 | 8.7 | 12.7 | 9.5 | 8.7 | 9.0 | 8.7 |
| 2018-19 | 8.6 | 7.3 | 8.3 | 8.8 | 12.1 | 9.5 | 8.7 | 8.7 | 8.7 |
| 2019-20 | 8.7 | 5.5 | 7.8 | 10.5 | 12.4 | 11.0 | 9.3 | 7.3 | 8.8 |
| 2020-21 | 7.1 | 4.8 | 6.5 | 9.4 | 12.2 | 10.1 | 7.8 | 6.6 | 7.5 |
| 2021-22 | 6.5 | 4.5 | 6.0 | 7.8 | 9.9 | 8.3 | 6.9 | 5.8 | 6.6 |
| 2022-23 | 4.6 | 4.0 | 4.4 | 6.3 | 9.1 | 7.0 | 5.1 | 5.1 | 5.1 |
| 2023-24 | 4.4 | 3.9 | 4.2 | 6.0 | 8.7 | 6.7 | 4.8 | 5.0 | 4.9 |

**Source:** Periodic Labour Force Survey Annual Reports [July 2023 – June 2024] (www.mospi.gov.in )

**Note:** CWS: Activity Status Determined on The Basis Of A Reference Period of Last 7 Days Preceding The Date of Survey 2023-24 Refers To The Period July 2023 – June 2024 And Likewise For 2022-23, 2021-22, 2020-21, 2019-20, 2018-19 And 2017-18

**આલેખ નં. 1.2** 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં બેરોજગારી દર (ટકાવારીમાં):-



ISBN : 978-81-985609-7-1 Year : April-2025

→ ઉપરોક્ત કોષ્ટક અને આલેખ માં સર્વેક્ષણનો સમયગાળો 2017-18 થી 2023-24 દરમિયાન 15 વર્ષ અને તેથી વધુ વયની વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં બેરોજગારીનો દર દર્શાવવામાં આવેલ છે. જેમાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રી અને વ્યક્તિઓની બેરોજગારીનો દર ટકાવારીમાં દર્શાવવામાં આવેલ છે.

→ કોષ્ટક મુજબના આંકડાઓ જોતા ખ્યાલ આવે છે કે, ગ્રામીણ વિસ્તારોમાં, 2017-18 માં UR 8.4% થી ઘટીને 2023-24 માં 4.2% થયો, જ્યારે શહેરી વિસ્તારોમાં તે 9.5% થી ઘટીને 6.7% થયો. આમ, 2017-18 થી 2023-24 સુધીનાં સમયગાળા દરમિયાન ભારતમાં વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં બેરોજગારીના દરમાં સતત ઘટાડો નોંધાયો છે. જ્યાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રીઓ અને વ્યકિતઓ 2017-18 માં અનુક્રમે 8.7, 9.0, 8.7 ટકા બેકાર હતાં, જે 2023-24 માં ઘટીને અનુક્રમે 4.8, 5.0 અને 4.9 ટકા જેટલો બેકારી દર નોંધાયો છે.

→ ટૂંકમાં, અભ્યાસનાં સમયગાળા દરમિયાન ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયની વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં બેરોજગારીનાં દર (UR) માં ઘટાડાનાં વલણો જોવા મળ્યાં છે

➢ **ભારતમાં બેરોજગારીનાં દરને અસર કરતી ભૂતકાળની મુખ્ય આર્થિક ઘટનાઓ:-**

આપણા સમગ્ર આર્થિક ઈતિહાસમાં, ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓએ ભારતમાં બેરોજગારીના દરને નોંધપાત્ર રીતે અસર કરી છે.

1) **વૈશ્વિક નાણાંકીય કટોકટી (2008-09):-**

2008 ની વૈશ્વિક નાણાંકીય કટોકટીએ ભારતનાં અર્થતંત્રને ગંભીર અસર કરી, જેના કારણે વિકાસ દર ધીમો પડ્યો અને વિવિધ ક્ષેત્રોમાં રોજગારીની તકોમાં ઘટાડો થયો.

2) **નોટબંધી (2016):-**

2016 માં ઉચ્ચ મૂલ્યની ચલણી નોટોને બંધ કરવાનાં સરકારનાં નિર્ણયથી આર્થિક વિક્ષેપો સર્જાયાં, ખાસ કરીને અનૌપચારિક ક્ષેત્રમાં, જેના પરિણામે અસ્થાયી નોકરીઓ ગુમાવવી પડી.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

**3) ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) અમલીકરણ (2017):-**

GST ની રજૂઆતનો હેતુ કર માળખાને સરળ બનાવવાનો હતો, પરંતુ શરૂઆતમાં તેનાથી અર્થતંત્રમાં ટૂંકાગાળાનાં વિક્ષેપો થયા, જેના કારણે વ્યવસાયો અને રોજગાર પર અસર પડી.

**4) કોવિડ-19 રોગચાળો (2020):-**

કોવિડ-19 રોગચાળો અને ત્યારબાદ લાગુ કરાયેલા લોકડાઉનનાં પગલાંએ ભારતીય અર્થતંત્ર પર ઊંડી અસર કરી, જેના પરિણામે વ્યવસાયો બંધ થતાં અને આર્થિક પ્રવૃત્તિઓ ઠપ્પ થઈ જતાં બેરોજગારીમાં વધારો થયો.

**5) ફુગાવાનાં દબાણ:-**

ભારતે પણ વર્ષોથી ફુગાવાનાં દબાણનો સામનો કર્યો છે, જે ભારતમાં વર્તમાન બેરોજગારી દરને અસર કરે છે. ઊંચા ફુગાવાનાં દર ગ્રાહકોની ખરીદ શક્તિને ઘટાડી શકે છે, જેના કારણે માલ અને સેવાઓની માંગમાં ઘટાડો થાય છે. આનાથી વ્યવસાયો પર વ્યાપક અસર પડી શકે છે, જે ના પરિણામે ખર્ચ ઘટાડવાનાં પગલાં લેવામાં આવે છે.

- **બેરોજગારીનો દર ભારતીય અર્થતંત્ર પર કેવી અસર કરે છે:-**

બેરોજગારી દર- ખર્ચ, આર્થિક વૃદ્ધિ અને વિકાસ, રોજગારીની તકોને પ્રભાવિત કરીને ભારતીય અર્થતંત્ર પર અસર કરે છે. બેરોજગારીનો ઊંચો દર આર્થિક પ્રગતિને અવરોધે છે અને સામાજિક અશાંતિ તરફ દોરી શકે છે, જ્યારે નીચો દર સમૃદ્ધ રોજગાર બજાર અને વધતી જતી અર્થવ્યવસ્થા સૂચવે છે. આમ, નીતિ નિર્માતાઓ બેરોજગારીનો ઉપયોગ રોજગાર સર્જન અને આર્થિક વિકાસ માટેની વ્યૂહરચનાઓ જણાવવા માટે કરે છે.

**7). શ્રમબળ ભાગીદારી દર (Labour Force Participation Rate) :-**

$$\text{સૂત્ર:} - \text{શ્રમબળ ભાગીદારી દર} = \frac{\text{રોજગાર ધરાવનાર વ્યક્તિઓની સંખ્યા} + \text{બેરોજગાર વ્યક્તિઓની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 100$$

→ જે દેશમાં 15 થી 59 વર્ષની વય જૂથનાં લોકોની સંખ્યા વધુ હશે તે દેશમાં LFPR પણ વધુ હશે. અહી  વર્ષ 2017-18 થી 2022-23 દરમિયાન વિવિધ વય જૂથોમાં પુરુષો અને સ્ત્રીઓ માટે શ્રમ દળ સહભાગિતા દર (ટકાવારીમાં) દર્શાવવામાં આવેલ છે. તમામ LFPR ગણતરીઓ સામયિક શ્રમ બળ સર્વે (PLFS) ડેટા પર આધારિત છે, જે સામાન્ય સ્થિતિ (ps +ss)  અને વર્તમાન સાપ્તાહિક પરિસ્થિતિ (CWS) નો સંદર્ભ આપે છે, CWS માં સંદર્ભ સમયગાળો એક અઠવાડિયાનો છે. નોંધ કરો કે LFPR નાં નંબરો શ્રમ દળનો સંદર્ભ આપે છે, અને આમ તેમાં રોજગારી મેળવનારા અને બેરોજગાર વ્યક્તિઓની સંખ્યા બંનેનો સમાવેશ થાય છે.

**કોષ્ટક નં. 1.3 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિમાં (ps +ss) શ્રમબળ ભાગીદારી દર (LFPR) ટકાવારીમાં:-**

| સર્વેક્ષણનો સમયગાળો | ગ્રામીણ | | | શહેરી | | | ગ્રામીણ + શહેરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ |
| 2017-18 | 76.4 | 24.6 | 50.7 | 74.5 | 20.4 | 47.6 | 75.8 | 23.3 | 49.0 |
| 2018-19 | 76.4 | 26.4 | 51.5 | 73.7 | 20.4 | 47.5 | 75.5 | 24.5 | 50.2 |
| 2019-20 | 77.9 | 33.0 | 55.5 | 74.6 | 23.3 | 49.3 | 76.8 | 30.0 | 53.5 |
| 2020-21 | 78.1 | 36.5 | 57.4 | 74.6 | 23.2 | 49.1 | 77.0 | 32.5 | 54.9 |
| 2021-22 | 78.2 | 36.6 | 57.5 | 74.7 | 23.8 | 49.7 | 77.2 | 32.8 | 55.2 |
| 2022-23 | 80.2 | 41.5 | 60.8 | 74.5 | 25.4 | 50.4 | 78.5 | 37.0 | 57.2 |
| 2023-24 | 80.2 | 47.6 | 63.7 | 75.6 | 28.0 | 52.0 | 78.8 | 41.7 | 60.1 |

**Source**: Periodic Labour Force Survey Annual Reports [July 2023 – June 2024] (www.mospi.gov.in )

**Note:** (ps+ss) Determined Considering Both Principal Activity Status and Subsidiary Economic Activity Status 2023-24 Refers to The Period July 2023 – June 2024 and Likewise For 2022-23, 2021-22, 2020-21, 2019-20, 2018- 19 And 2017-18

**<u>આલેખ નં. 1.3</u> 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિમાં (ps +ss) શ્રમબળ ભાગીદારી દર (ટકાવારીમાં):-**




→ ઉપરોક્ત કોષ્ટક અને આલેખ માં સર્વેક્ષણનો સમયગાળો 2017-18 થી 2023-24 દરમિયાન ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિમાં (ps+ss) શ્રમબળ ભાગીદારી દર (LFPR) દર્શાવવામાં આવેલ છે. જેમાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રી અને વ્યક્તિઓની શ્રમબળ ભાગીદારીનો દર ટકાવારીમાં દર્શાવવામાં આવેલ છે.

→ કોષ્ટક મુજબના આંકડાઓ જોતા ખ્યાલ આવે છે કે, ગ્રામીણ વિસ્તારોમાં, LFPR 2017-18 માં 50.7% થી વધીને 2023-24 માં 63.7% થયો, જ્યારે શહેરી વિસ્તારોમાં તે 47.6% થી વધીને 52.0% થયો. આમ, 2017-18 થી 2023-24 સુધીના સમયગાળા દરમિયાન ભારતમાં સામાન્ય સ્થિતિ (ps+ss) માં શ્રમબળ ભાગીદારી દરમાં સતત વધારો નોંધાયો છે. જ્યાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રીઓ અને વ્યકિતઓ 2017-18 માં અનુક્રમે 75.8, 23.3 અને 49.0 ટકા શ્રમબળ ભાગીદારીનો હિસ્સો હતા, જે 2023-24 માં વધીને અનુક્રમે 78.8, 41.7 અને 60.1 ટકા જેટલો વધારો નોંધાયો છે.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

→ ટૂંકમાં, અભ્યાસનાં સમયગાળા દરમિયાન ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયની વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિ (ps +ss) માં શ્રમ બળ ભાગીદારી દર (LFPR) માં વધતો વલણ જોવા મળ્યો છે.

**કોષ્ટક નં. 1.4** **15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં શ્રમબળ ભાગીદારી દર (LFPR) ટકાવારીમાં :-**

| સર્વેક્ષણનો સમયગાળો | ગ્રામીણ | | | શહેરી | | | ગ્રામીણ + શહેરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ |
| 2017-18 | 75.6 | 21.7 | 48.9 | 74.1 | 19.6 | 47.1 | 75.1 | 21.1 | 48.4 |
| 2018-19 | 75.5 | 22.5 | 49.1 | 73.7 | 19.7 | 47.1 | 74.9 | 21.6 | 48.5 |
| 2019-20 | 76.7 | 28.3 | 52.5 | 73.8 | 22.1 | 48.2 | 75.8 | 26.3 | 51.2 |
| 2020-21 | 76.7 | 30.0 | 53.4 | 73.8 | 21.7 | 48.0 | 75.8 | 27.5 | 51.8 |
| 2021-22 | 76.7 | 29.2 | 53.0 | 74.2 | 22.1 | 48.6 | 75.9 | 27.2 | 51.7 |
| 2022-23 | 78.8 | 34.6 | 56.7 | 73.9 | 24.0 | 49.4 | 77.4 | 31.6 | 54.6 |
| 2023-24 | 78.7 | 39.7 | 58.9 | 75.0 | 26.1 | 50.8 | 77.5 | 35.6 | 56.4 |

**Source**: Periodic Labour Force Survey Annual Reports [July 2023 – June 2024] (www.mospi.gov.in )

**Note:** CWS: Activity Status Determined on The Basis of A Reference Period of Last 7 Days Preceding The Date Of Survey 2023-24 Refers To The Period July 2023 – June 2024 And Likewise For 2022-23, 2021-22, 2020-21, 2019-20, 2018-19 And 2017-18

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

<u>આલેખ નં. 1.4</u> 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS)માં શ્રમબળ ભાગીદારી દર(ટકાવારીમાં):-




→ ઉપરોક્ત કોષ્ટક અને આલેખ માં સર્વેક્ષણનો સમયગાળો 2017-18 થી 2023-24 દરમિયાન ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં શ્રમબળ ભાગીદારી દર (LFPR) દર્શાવવામાં આવેલ છે. જેમાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રી અને વ્યક્તિઓની શ્રમબળ ભાગીદારી દર ટકાવારીમાં દર્શાવવામાં આવેલ છે.

→ કોષ્ટક મુજબના આંકડાઓ જોતા ખ્યાલ આવે છે કે, ગ્રામીણ વિસ્તારોમાં, LFPR 2017-18 માં 48.9% થી વધીને 2023-24 માં 58.9% થયો, જ્યારે શહેરી વિસ્તારોમાં તે 47.1% થી વધીને 50.8% થયો. આમ, 2017-18 થી 2023-24 સુધીના સમયગાળા દરમિયાન ભારતમાં વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં શ્રમબળ ભાગીદારી દરમાં સતત વધારો નોંધાયો છે. જ્યાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રીઓ અને વ્યકિતઓ 2017-18 માં અનુક્રમે 75.1, 21.1 અને 48.4 ટકા શ્રમબળ ભાગીદારીનો હિસ્સો હતા, જે 2023-24 માં વધીને અનુક્રમે 77.5, 35.6 અને 56.4 ટકા જેટલો વધારો નોંધાયો છે.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

ટૂંકમાં, અભ્યાસનાં સમયગાળા દરમિયાન ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયની વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં શ્રમ બળ ભાગીદારી દર (LFPR) માં વધતો વલણ જોવા મળ્યો છે.

**કોષ્ટક નં. 1.5** વિવિધ વય જૂથોમાં પુરુષો અને સ્ત્રીઓ માટે (CWS) માં શ્રમ દળનો સહભાગિતા દર (ટકાવારીમાં):-

(યુવાનો માટે ૧૫-૨૯ વર્ષની વય જૂથનો ઉલ્લેખ કરેલ છે, જ્યારે કાર્યકારી વય માટે ૧૫-૫૯ વર્ષનો ઉલ્લેખ કરેલ છે.)

| વર્ષ | પુરૂષ | | સ્ત્રી | |
|---|---|---|---|---|
| | Youth (15-29) | Working Age (15-59) | youth (15-29) | Working Age (15-59) |
| 2017-18 | 58.4 | 79.6 | 16.9 | 22.9 |
| 2018-19 | 58.3 | 79.8 | 14.1 | 23.4 |
| 2019-20 | 59.0 | 80.2 | 17.6 | 28.5 |
| 2020-21 | 58.6 | 80.2 | 17.3 | 29.8 |
| 2021-22 | 59.3 | 80.7 | 16.8 | 29.4 |
| 2022-23 | 61.6 | 82.1 | 19.7 | 34.1 |

Youth refers to the age group of 15-29 years, while working age refers to 15-59 years

Centre for Economic Data and Analysis (CEDA), Ashoka University, Data source: Unit level data, Periodic Labour Force (various rounds), From the article: *Trends in youth employment in India: 2017-18 to 2022-23*

**આલેખ નં. 1.5** વિવિધ વય જૂથોમાં પુરુષો અને સ્ત્રીઓ માટે (CWS) માં શ્રમ દળનો સહભાગિતા દર (ટકાવારીમાં):-



→ ઉપરોક્ત કોષ્ટક અને આલેખ જોતા ખ્યાલ આવે છે કે, ભારતનાં વર્તમાન સાપ્તાહિક સ્થિતિ અંતર્ગત યુવા વર્ગનો LFPR વર્ષ 2017-18 માં યુવાનોનો 58.4 ટકા અને યુવતીઓનો 16.9 ટકા નોંધાયો હતો. જેમાં વર્ષો વર્ષ વધ-ઘટ દેખાય છે, વર્ષ 2017-18 અને 2022-23 વચ્ચે યુવાન પુરુષો અને સ્ત્રીઓ બંને માટે LFPR થોડો વધ્યો છે. જેમાં ગ્રામીણ વિસ્તારમાં અને ખાસ કરીને ગ્રામીણ મહિલાઓ માટે આ વધારો હકારાત્મક હતો. આ સમયગાળા દરમિયાન ભારતમાં રહેતા યુવાનોનો LFPR 38.2% થી વધીને 2022-23 સુધીમાં 42.1 ટકા જેટલો નોંધાયો. જેમાં યુવાનોનો હિસ્સો 61.6 ટકા અને યુવતીઓનો હિસ્સો માત્ર 19.7 ટકા જેટલો રહેવા પામ્યો હતો.

→ તેમજ કાર્યકારી વય જૂથ (15 થી 59) નાં LFPR નાં સંદર્ભમાં જોતા, પુરુષોનું પ્રમાણ 79.6% અને સ્ત્રીઓનું 22.9% હતું. પરંતુ દર વર્ષે વસ્તીના પ્રમાણમાં વૃદ્ધિ તથા 2022-23 સુધીમાં પુરુષો અને સ્ત્રીઓની કાર્યકારી વયજૂથનું LFPR પણ વધીને 82.1% અને 34.1% જેટલો રહેવા પામ્યો હતો.

→ આમ. વર્ષ 2022-23 માં ભારતના યુવાનો (15-29) વર્ષનાં વયજૂથનો LFPR માત્ર 42.1% હતો, જે કાર્યકારી વય જૂથ (15 થી 59) નાં LFPR ની સરખામણીમાં કરતાં ઓછો હતો.

**<u>કોષ્ટક નં. 1.6</u> ભારતનાં શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં યુવાનોનો (CWS) માં શ્રમ દળ સહભાગિતા દર (ટકાવારીમાં):-** (15-29 વર્ષના વય જૂથનો ઉલ્લેખ કરેલ છે)

| વર્ષ | પુરૂષ | | સ્ત્રી | |
|---|---|---|---|---|
| | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી |
| 2017-18 | 58.3 | 58.4 | 14.1 | 16.9 |
| 2018-19 | 58.1 | 58.7 | 12.9 | 16.7 |
| 2019-20 | 59.6 | 57.8 | 16.8 | 19.5 |

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

| | | | | |
|---|---|---|---|---|
| 2020-21 | 58.7 | 58.2 | 16.9 | 18.1 |
| 2021-22 | 59.7 | 58.5 | 16.0 | 19.0 |
| 2022-23 | 63.0 | 57.9 | 19.7 | 19.8 |

Centre for Economic Data and Analysis (CEDA), Ashoka University

Data source: Unit level data, Periodic Labour Force (various rounds)

From the article: *Trends in youth employment in India: 2017-18 to 2022-23*

**આલેખ નં. 1.6** ભારતનાં શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં યુવાનોનો (CWS) માં શ્રમ દળ સહભાગિતા દર (ટકાવારીમાં):-




→ ઉપરોક્ત કોષ્ટક અને આલેખ જોતા ખ્યાલ આવે છે કે, ભારતનાં વર્તમાન સાપ્તાહિક સ્થિતિ અંતર્ગત શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા 15 થી 29 વર્ષનાં વયજૂથનાં પુરુષો અને સ્ત્રી યુવાનોનો શ્રમબળ સહભાગીતા દરમાં વર્ષ 2017-18 થી 2022-23 દરમિયાન કેવાં ફેરફારો થયાં છે.

→ ગ્રામીણ વિસ્તારમાં રહેતાં યુવાનોનો LFPR 2017-18 માં 58.3 ટકા હતો, જે 2022-23માં 63.0 ટકા જેટલો નોંધાયો હતો. જ્યારે શહેરી વિસ્તારમાં રહેતાં યુવાનોનો LFPR 2017-18 માં 58.4 ટકા હતો, જેમાં નજીવો ઘટાડો થયો છે જે ઘટીને 2022-23માં 57.9 ટકા જેટલો થવા પામ્યો હતો.

→ તેવી જ રીતે ગ્રામીણ વિસ્તારમાં રહેતી યુવતીઓનો LFPR 2017-18 માં 14.1 ટકા હતો, જે 2022-23માં વધીને 19.7 ટકા જેટલો નોંધાયો હતો. જ્યારે શહેરી વિસ્તારમાં રહેતી યુવતીઓનો LFPR 2017-18 માં 16.9 ટકા હતો, જે 2022-23માં 19.8 ટકા જેટલો નોંધાયો હતો.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

→ આમ, શહેરી વિસ્તારમાં રહેતાં યુવાનોનાં LFPR નાં પ્રમાણમાં ઓછો સુધાર જોવા મળ્યો છે. જયારે ગ્રામીણ યુવાન તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતી યુવતીઓનો LFPR વધ્યો છે, જે અનુક્રમે 4.7 ટકા, 5.6 ટકા અને 2.9 ટકા જેટલો રહેવા પામ્યો હતો.છે.

**કોષ્ટક નં. 1.7** **2022-23 માં (CWS) માં યુવા શ્રમ દળનો સહભાગિતા દર, જાતિ અને વય-જૂથ પ્રમાણે (ટકાવારીમાં):-**

| વય-જૂથ | ગ્રામીણ | | શહેરી | |
|---|---|---|---|---|
| | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ |
| 15 થી 19 | 8.6 | 23.9 | 4.9 | 19.2 |
| 20 થી 24 | 23.1 | 75.3 | 24.3 | 65.2 |
| 25 થી 29 | 27.6 | 97.4 | 29.7 | 95.3 |

Centre for Economic Data and Analysis (CEDA), Ashoka University

Data source: Unit level data, Periodic Labour Force (various rounds)

From the article: *Trends in youth employment in India: 2017-18 to 2022-23*

**આલેખ નં. 1.7** **2022-23 માં (CWS) માં યુવા શ્રમ દળનો સહભાગિતા દર, જાતિ અને વય-જૂથ પ્રમાણે (ટકાવારીમાં):-**



→ ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં વર્ષ 2022-23 માં વર્તમાન સાપ્તાહિક સ્થિતિ અંતર્ગત યુવા શ્રમ દળનો સહભાગિતા દર, જાતિ અને વય-જૂથ પ્રમાણે દર્શાવવામાં આવેલ છે. જ્યાં યુવા વર્ગમાં (15 થી 29) વર્ષનાં યુવાનો (યુવાન અને યુવતી) નો સમાવેશ થાય છે. અહી 15 થી 19, 20 થી 24 અને 25 થી 29 એમ જુદાં જુદાં વયજૂથ પ્રમાણે યુવા શ્રમ દળનો સહભાગિતા દર જણાવવામાં આવેલ છે.

→ 15 થી 19 વર્ષની વયજૂથમાં LFPR સૌથી ઓછો છે. કારણ કે આ સમયગાળા દરમિયાન યુવાનો શિક્ષણ પ્રણાલી સાથે જોડાયેલાં હોય છે. આમ, 15 થી 19 વર્ષની વયજૂથમાં ગ્રામ્ય વિસ્તારમાં માત્ર 8.6 ટકા સ્ત્રીઓ અને 23.9 ટકા પુરુષો જયારે શહેરી વિસ્તારમાં 4.9 ટકા સ્ત્રીઓ અને 19.2 ટકા પુરુષો શ્રમ દળ સહભાગિતા દરનો ભાગ હતાં. તેમજ વર્ષ 2022-23 માં, આ વય જૂથનાં 22.7 ટકા યુવાનો અને 7.7 ટકા યુવતીઓ શ્રમબળમાં હતા. છેલ્લા છ વર્ષમાં શહેરી અને ગ્રામીણ ભારતમાં 15-19 વર્ષની વયના યુવાનો માટે LFPRમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે આ જૂથની યુવતીઓ માટે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં LFPR માં 2017-18 અને 2022-23 વચ્ચે નાનો (3.7 ટકા) નો વધારો જોવા મળ્યો હતો.

→ 20 થી 29 વર્ષની વય જૂથમાં LFPR માં લિંગ તફાવત વધે છે. આ એવી ઉંમર છે જ્યારે સ્ત્રીઓ લગ્ન કરે છે અને પોતાનાં પહેલાં બાળકને જન્મ આપે છે. તેથી આ ઉંમરમાં સ્ત્રીઓનો LFPR એ પુરુષોની સરખામણીમાં ઓછો હોય છે. આમ, 20 થી 24 વર્ષની વયજુથમાં ગ્રામીણ સ્ત્રીઓ 23.1 ટકા અને પુરુષો 75.3 ટકા જયારે શહેરી વિસ્તારમાં 24.3 ટકા સ્ત્રીઓ અને 65.2 પુરુષો LFPR નો ભાગ હતાં. વર્ષ 2022-23 માં આ વય જૂથમાં 72.2 ટકા પુરુષો અને 23.4 ટકા સ્ત્રીઓ શ્રમબળનો ભાગ હતા.

→ 25 થી 29 વર્ષની વય જૂથમાં, LFPR માં લિંગ તફાવત વધુ વિસ્તરે છે. જ્યારે શ્રમ બળ ભાગીદારી પુરુષો માટે લગભગ સાર્વત્રિક છે, જેમાં ગ્રામીણ પુરુષો 97.4 ટકા અને શહેરી

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

પુરુષો 95.3 ટકા LFPR નો ભાગ છે. જ્યારે સ્ત્રીઓના કિસ્સામાં, ગ્રામીણ વિસ્તારોમાં આ હિસ્સો 27.6 ટકાથી શહેરી વિસ્તારોમાં 29.7 ટકા સુધી બદલાય છે.

## 8. શ્રમિક વસ્તી ગુણોત્તર (Worker Population Ratio):-

→ **સૂત્ર:-**

→ શ્રમિક વસ્તી પ્રમાણ $= \frac{\text{રોજગાર ધરાવનાર વ્યક્તિઓની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 100$

**કોષ્ટક નં. 1.8** **15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિ (ps +ss) માં શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) ટકાવારીમાં:-**

| સર્વેક્ષણનો સમયગાળો | ગ્રામીણ | | | શહેરી | | | ગ્રામીણ + શહેરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ |
| 2017-18 | 72.0 | 23.7 | 48.1 | 69.3 | 18.2 | 43.9 | 71.2 | 22.0 | 46.8 |
| 2018-19 | 72.2 | 25.1 | 48.9 | 68.6 | 18.4 | 43.9 | 71.0 | 23.3 | 47.3 |
| 2019-20 | 74.4 | 32.2 | 53.3 | 69.9 | 21.3 | 45.8 | 73.0 | 28.7 | 50.9 |
| 2020-21 | 75.1 | 35.8 | 55.5 | 70.0 | 21.2 | 45.8 | 73.5 | 31.4 | 52.6 |
| 2021-22 | 75.3 | 35.8 | 55.6 | 70.4 | 21.9 | 46.6 | 73.8 | 31.7 | 52.9 |
| 2022-23 | 78.0 | 40.7 | 59.4 | 71.0 | 23.5 | 47.7 | 76.0 | 35.9 | 56.0 |
| 2023-24 | 78.1 | 46.5 | 62.1 | 72.3 | 26.0 | 49.4 | 76.3 | 40.3 | 58.2 |

**Source:** Periodic Labour Force Survey Annual Reports [July 2023 – June 2024] (www.mospi.gov.in )

**Note:** (ps+ss) Determined Considering Both Principal Activity Status and Subsidiary Economic Activity Status 2023-24 Refers to The Period July 2023 – June 2024 And Likewise For 2022-23, 2021-22, 2020-21, 2019-20, 2018-19 And 2017-18

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

<u>આલેખ નં. 1.8</u> 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિ (ps +ss) માં

**WPR** (ટકાવારીમાં):-




→ ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં સર્વેક્ષણનો સમયગાળો 2017-18 થી 2023-24 દરમિયાન ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિ (ps+ss) માં શ્રમિક વસ્તી ગુણોત્તર(WPR ) દર્શાવવામાં આવેલ છે. જેમાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રીઓ અને વ્યક્તિઓનો શ્રમિક વસ્તી ગુણોત્તર ટકાવારીમાં દર્શાવવામાં આવેલ છે.

→ કોષ્ટક મુજબના આંકડાઓ જોતા ખ્યાલ આવે છે કે, ગ્રામીણ વિસ્તારોમાં, WPR 2017-18 માં 48.1% થી વધીને 2023-24 માં 62.1% થયો, જ્યારે શહેરી વિસ્તારોમાં તે 43.9% થી વધીને 49.4% થયો. આમ, 2017-18 થી 2023-24 સુધીના સમયગાળા દરમિયાન ભારતમાં સામાન્ય સ્થિતિ (ps+ss) માં WPR માં સતત વધારો નોંધાયો છે. જ્યાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રીઓ અને વ્યકિતઓ 2017-18 માં અનુક્રમે 71.2 22.0 અને 46.8 ટકા શ્રમિક વસ્તી ગુણોત્તરનો હિસ્સો હતા, જે 2023-24 માં વધીને અનુક્રમે 76.3, 40.3 અને 58.2 ટકા જેટલો વધારો નોંધાયો છે.

→ ટૂંકમાં, અભ્યાસનાં સમયગાળા દરમિયાન 15 વર્ષ અને તેથી વધુ વયની વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિ (ps+ss) માં શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) માં વધતાં વલણો જોવા મળ્યાં છે.

**કોષ્ટક નં. 1.9** 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS)માં શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) ટકાવારીમાં:-

| સર્વેક્ષણનો સમયગાળો | ગ્રામીણ | | | શહેરી | | | ગ્રામીણ + શહેરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ | પુરૂષ | સ્ત્રી | વ્યક્તિ |
| 2017-18 | 69.1 | 20.1 | 44.8 | 67.7 | 17.1 | 42.6 | 68.6 | 19.2 | 44.1 |
| 2018-19 | 69.0 | 20.9 | 45.0 | 67.2 | 17.4 | 42.7 | 68.4 | 19.8 | 44.3 |
| 2019-20 | 70.1 | 26.7 | 48.4 | 66.0 | 19.4 | 43.0 | 68.8 | 24.4 | 46.7 |
| 2020-21 | 71.2 | 28.6 | 50.0 | 66.8 | 19.0 | 43.1 | 69.9 | 25.7 | 47.9 |
| 2021-22 | 71.7 | 27.9 | 49.9 | 68.4 | 19.9 | 44.6 | 70.7 | 25.6 | 48.3 |
| 2022-23 | 75.2 | 33.2 | 54.2 | 69.3 | 21.8 | 46.0 | 73.5 | 30.0 | 51.8 |
| 2023-24 | 75.3 | 38.1 | 56.5 | 70.5 | 23.9 | 47.4 | 73.8 | 33.8 | 53.7 |

**Source**: Periodic Labour Force Survey Annual Reports [July 2023 – June 2024] (www.mospi.gov.in )

**Note:** CWS: Activity Status Determined on The Basis of A Reference Period of Last 7 Days Preceding The Date Of Survey 2023-24 Refers To The Period July 2023 – June 2024 And Likewise For 2022-23, 2021-22, 2020-21, 2019-20, 2018- 19 And 2017-18

**<u>આલેખ નં. 1.9</u> 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS)માં શ્રમિક વસ્તી ગુણોત્તર (ટકાવારીમાં):-**




→ ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં સર્વેક્ષણનો સમયગાળો 2017-18 થી 2023-24 દરમિયાન ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) દર્શાવવામાં આવેલ છે. જેમાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રીઓ અને વ્યક્તિઓનો શ્રમિક વસ્તી ગુણોત્તર ટકાવારીમાં દર્શાવવામાં આવેલછે.

→ કોષ્ટક મુજબનાં આંકડાઓ જોતા ખ્યાલ આવે છે કે, ગ્રામીણ વિસ્તારોમાં, WPR 2017-18 માં 44.8% થી વધીને 2023-24 માં 56.5% થયો, જ્યારે શહેરી વિસ્તારોમાં તે 42.6% થી વધીને 47.4% થયો. આમ, 2017-18 થી 2023-24 સુધીનાં સમયગાળા દરમિયાન ભારતમાં વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં WPR માં સતત વધારો નોંધાયો છે. જ્યાં ગ્રામીણ અને શહેરી પુરુષો, સ્ત્રીઓ અને વ્યકિતઓ 2017-18 માં અનુક્રમે 68.6, 19.2 અને 44.1 ટકા શ્રમિક વસ્તી ગુણોત્તરનો હિસ્સો હતા, જે 2023-24 માં વધીને અનુક્રમે 73.8, 33.8 અને 53.7 ટકા જેટલો વધારો નોંધાયો છે.

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

→ ટૂંકમાં, અભ્યાસનાં સમયગાળા દરમિયાન 15 વર્ષ અને તેથી વધુ વયની વ્યક્તિઓ માટે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) માં વધતાં વલણો જોવા મળ્યાં છે.

**9). કાર્યબળનું (Work Force):-**

15 થી 59 વર્ષનાં એવા લોકો જે પ્રવર્તમાન વેતન દરે કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી બતાવતાં હોય, તેવાં લોકોની સંખ્યાને શ્રમ શક્તિ (Labour Force) કહે છે. જ્યારે પ્રવર્તમાન વેતન દરે કામ કરનાર વ્યક્તિઓની સંખ્યાને કાર્યબળ (Work Force) કહેવામાં આવે છે.

**કોષ્ટક નં. 1.10 2022-23 માં (CWS) માં કાર્યબળનું (Work Force) જાતિ પ્રમાણે ક્ષેત્રીય વિતરણ** (ટકાવારીમાં):-

| વય-જૂથ | જાતિ | કૃષિ,વનસંવર્ધન અને મત્સ્ય ઉદ્યોગ | ખાણકામ અને ખનન | ઉદ્યોગ ક્ષેત્ર | બાંધકામ ક્ષેત્ર | સેવા ક્ષેત્ર |
|---|---|---|---|---|---|---|
| 15 થી 19 | પુરૂષ | 27 | 0.5 | 13 | 25 | 34 |
| 15 થી 59 | | 33 | 0.5 | 12 | 18 | 36 |
| 15 થી 19 | સ્ત્રી | 50 | 0.1 | 18 | 2.9 | 29 |
| 15 થી 59 | | 59 | 0.1 | 12 | 4.2 | 24 |

Centre for Economic Data and Analysis (CEDA), Ashoka University

Data source: Unit level data, Periodic Labour Force (various rounds)

From the article: *Trends in youth employment in India: 2017-18 to 2022-23*

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

આલેખ નં. 1.10 2022-23 માં (CWS) માં કાર્યબળનું (Work Force) જાતિ પ્રમાણે ક્ષેત્રીય વિતરણ (ટકાવારીમાં):-




ઉપરોક્ત કોષ્ટક અને આલેખ જોતા ખ્યાલ આવે છે કે, દેશમાં વર્તમાન સાપ્તાહિક સ્થિતિમાં વર્ષ 2022-23 અંતર્ગત મોટાભાગના પુરૂષો સેવા ક્ષેત્રમાં કામ કરતા હોવાની શક્યતા વધુ છે. પરંતુ ગ્રામીણ વિસ્તારમાં કૃષિ હજુ પણ પ્રભુત્વ ધરાવે છે. વર્ષ 2022-23 માં દેશના પુરૂષો માટે લગભગ સેવા ક્ષેત્ર મુખ્ય રોજગારદાતા હતું. જેનો હિસ્સો 37.7 ટકા હતો. ત્યારબાદ કૃષિ, વનીકરણ અને મત્સ્ય ઉદ્યોગોનો હિસ્સો 32.4% હતો. ત્યારબાદ બાંધકામ ક્ષેત્ર અને બાકીના ઉદ્યોગ (ઉત્પાદન) ક્ષેત્રમાં રોકાયેલા હતા. કાર્યકારી વસ્તી (15-59 વર્ષ) ની સરખામણીમાં કૃષિ અને સેવા ક્ષેત્રમાં કામ કરતા યુવાનો (15-19 વર્ષ) નો હિસ્સો ઓછો હતો, પરંતુ યુવાન પુરૂષો બાંધકામ ક્ષેત્રે રોકાયેલા હોવાની શક્યતા વધુ હતી. બીજી બાજુ આ સમયગાળા દરમિયાન યુવાન અને કાર્યકારી વયની સ્ત્રીઓ સૌથી વધુ કૃષિ, વનીકરણ અને માછીમારી ક્ષેત્રે રોકાયેલી હોવાની શક્યતા વધુ હતી. તેમજ યુવાન મહિલાઓ તેમના કાર્યકારી સમકક્ષોની તુલનામાં સેવા અને ઉદ્યોગ (ઉત્પાદન) ક્ષેત્રે કામ કરે તેવી શક્યતા વધુ હતી.

**10). અભ્યાસનાં તારણો:-**

પ્રસ્તુત શોધ અભ્યાસ "ભારતમાં મુખ્ય શ્રમ બજાર સૂચકાંકોનો તાજેતરની પરિસ્થિતિનો

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

અભ્યાસ" નાં સંદર્ભમાં કરવામાં આવેલ છે. જેમાં સર્વેક્ષન વર્ષ 2017-18 થી 2023-24 નાં સમયગાળા દરમિયાન સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) અંતર્ગત ભારતમાં બેરોજગારી દર (UR), શ્રમબળ ભાગીદારી દર (LFPR) અને શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) માં થયેલાં ફેરફારોનો અભ્યાસ કરવામાં આવેલ છે. અને સમગ્ર અભ્યાસનાં વિશ્લેષણ બાદ નીચે મુજબનાં તારણો તારવી શકાય છે:

→ ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) અંતર્ગત બેરોજગારીના દરમાં ઘટાડો નોંધાયો છે. જે ઘટાડો અનુક્રમે સામાન્ય સ્થિતિ (ps+ss) માં પુરુષો માટે 2.9 %, સ્ત્રીઓમાં 2.4% અને વ્યક્તિઓમાં 2.8%, જ્યારે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં પુરુષોમાં બેરોજગારીનો દર ઘટીને 3.9%, સ્ત્રીઓ માટે 4% અને વ્યક્તિઓમાં 3.8%નો ઘટાડો નોંધાયો છે.

→ ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) અંતર્ગત શ્રમબળ ભાગીદારી દર (LFPR) માં વધારો નોંધાયો છે. જે વધારો અનુક્રમે સામાન્ય સ્થિતિ (ps+ss) માં પુરુષો માટે 3 %, સ્ત્રીઓમાં 18.4% અને વ્યક્તિઓમાં 11.1%, જ્યારે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં પુરુષોમાં શ્રમબળ ભાગીદારી દર વધીને 2.4%, સ્ત્રીઓ માટે 14.5% અને વ્યક્તિઓમાં 8%નો વધારો નોંધાયો છે.

→ ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ વયનાં વ્યક્તિઓ માટે સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) અંતર્ગત શ્રમિક વસ્તી ગુણોત્તર (WPR) માં વધારો નોંધાયો છે. જે વધારો અનુક્રમે સામાન્ય સ્થિતિ (ps+ss) માં પુરુષો માટે 5.1%, સ્ત્રીઓમાં 18.3% અને વ્યક્તિઓમાં 11.4%, જ્યારે વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં પુરુષોમાં

શ્રમિક વસ્તી ગુણોત્તર વધીને 5.2%, સ્ત્રીઓ માટે 14.6% અને વ્યક્તિઓમાં 9.6%નો વધારો નોંધાયો છે.

→ ભારતમાં વર્તમાન સાપ્તાહિક સ્થિતિ અંતર્ગત વર્ષ 2017-18 અને 2022-23 વચ્ચે યુવાન પુરુષો અને સ્ત્રીઓ બંને માટે LFPR થોડો વધ્યો છે. જેમાં ગ્રામીણ વિસ્તારમાં અને ખાસ કરીને ગ્રામીણ મહિલાઓ માટે આ વધારો હકારાત્મક હતો. આ સમયગાળા દરમિયાન ભારતમાં રહેતા યુવાનોનો (15-29) વર્ષનાં વયજૂથનો LFPR 38.2% થી વધીને 2022-23 સુધી માં માત્ર 42.1 ટકા જેટલો નોંધાયો હતો, જે કાર્યકારી વય જૂથ (15 થી 59) નાં LFPR ની સરખામણીમાં કરતાં ઓછો હતો.

→ તેમજ વર્તમાન સાપ્તાહિક સ્થિતિ અંતર્ગત ભારતમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા 15 થી 29 વર્ષનાં વયજૂથનાં પુરુષો અને સ્ત્રી યુવાનોનો શ્રમબળ સહભાગીતા દરમાં વર્ષ 2017-18 થી 2022-23 દરમિયાન, શહેરી વિસ્તારમાં રહેતાં યુવાનોનાં LFPR નાં પ્રમાણમાં ઓછો સુધાર જોવા મળ્યો છે. જયારે ગ્રામીણ યુવાન તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતી યુવતીઓનો LFPR વધ્યો છે, જે અનુક્રમે 4.7 ટકા, 5.6 ટકા અને 2.9 ટકા જેટલો રહેવા પામ્યો હતો.છે.

→ જ્યારે, વયજૂથ ની સરખામણી પ્રમાણે (CWS) અંતર્ગત ભારતમાં 20 થી 24 અને 25 થી 29 વર્ષની સરખામણીમાં 15 થી 19 વર્ષની વય જૂથમાં LFPR સૌથી ઓછો હતો, કારણ કે આ સમયગાળા દરમિયાન યુવાનો શિક્ષણ પ્રણાલી સાથે જોડાયેલા હોય છે. તેમજ 20 થી 29 વર્ષની વયજૂથમાં LFPR માં લિંગ તફાવત વધે છે, તેથી આ ઉંમરમાં સ્ત્રીઓનો LFPR પુરુષોની સરખામણીમાં ઓછો હોય છે, જ્યારે પુરુષો માટે તે સાર્વત્રિક છે.

→ ભારતમાં વર્ષ 2022-23 અંતર્ગત વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં જાતિ પ્રમાણે ક્ષેત્રિય વિતરણ જોઈએ તો, પુરુષો માટે લગભગ સેવા ક્ષેત્ર મુખ્ય રોજગારદાતા હતું, ત્યારબાદ કૃષિ,

વનીકરણ અને માછીમારીનું ક્ષેત્ર હતું. આમ, કાર્યકારી વસ્તી (15 થી 59 વર્ષ) ની સરખામણીમાં કૃષિ અને સેવા ક્ષેત્રમાં કામ કરતા (15 થી 19 વર્ષ) નાં યુવાનોનો હિસ્સો ઓછો હતો જેવો બાંધકામ ક્ષેત્રે રોકાયેલા હોવાની શક્યતા વધુ હતી. જ્યારે બીજી બાજુ યુવાન અને કાર્યકારી સ્ત્રીઓ સૌથી વધુ કૃષિ, વનીકરણ અને માછીમારી ક્ષેત્રે રોકાયેલી હતી. ઉપરાંત યુવાન મહિલાઓ તેમના કાર્યકારી સમકક્ષોની તુલનામાં સેવા અને ઉત્પાદન ક્ષેત્રે કામ કરે તેવી શક્યતા વધુ હતી.

**11). અભ્યાસનાં સૂચનો:-**

પ્રસ્તુત શોધ અભ્યાસનાં વિશ્લેષણ બાદ એવાં સૂચનો કરી શકાય છે કે, શિક્ષણ અને કુશળતા વિકાસનાં કાર્યક્રમો શરૂ કરવામાં આવે તો લોકોને નવી રોજગારીની તકો સામે તૈયાર થવામાં મદદ મળશે, નવા ઉદ્યોગો શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવાથી તેમજ લઘુ ઉદ્યોગોને સહાય અને ટેકનિકલ સહાય પૂરી પાડવાથી નવી રોજગારીનું સર્જન થશે, સરકારી નીતિઓને સુધારવા અને રોજગારી વધારવા માટેના પગલાંઓ લેવામાં આવે, કૃષિ ક્ષેત્રમાં નવી ટેકનોલોજી અને પદ્ધતિઓને અપનાવવાથી, સ્થાનિક વિકાસ યોજનાઓને લાગુ કરીને, આર્થિક પ્રોત્સાહન અને રોકાણને આકર્ષિત કરવા માટેની નીતિઓ અમલમાં લાવીને તેમજ સરકારની રોજગાર લક્ષી વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોનું યોગ્ય રીતે અમલીકરણ કરવું જેથી રોજગાર તકોની સંખ્યા વધારી શકાય છે. પરીણામે અર્થતંત્રમાં બેરોજગારીનો દર ઘટશે અને પત્યક્ષ કે પરોક્ષ રીતે શ્રમબળ ભાગીદાર દર અને શ્રમિક વસ્તી ગુણોત્તરનાં પ્રમાણમાં વધારો નોધાશે. જે ભારતીય અર્થતંત્રનાં વૃદ્ધિ અને વિકાસ માટે મહત્વની બાબત છે.

**12). સમાપન:-**

પ્રસ્તુત શોધ અભ્યાસમાં સર્વેક્ષણ વર્ષ 2017-18 થી 2023-24 નાં સમયગાળા દરમિયાન સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં શ્રમ બજારના સૂચકાંકો

જેવા કે, બેરોજગારી દર, શ્રમબળ ભાગીદારી દર અને શ્રમિક વસ્તી ગુણોત્તરનો અભ્યાસ કરવામાં આવેલ છે. અને અભ્યાસના વિશ્લેષણ બાદ એ જણાય છે કે, દેશમાં એક તરફ વસ્તી વધી રહી છે પરંતુ સામે બેરોજગારીનો દર પણ ઘટતો જોવા મળ્યો છે. જે સરકારની રોજગારી વધારા અને બેકારી ઘટાડાની નીતિ અને કાર્યક્રમોનું ફળ સ્વરૂપે હોઈ શકે છે. પરંતુ સામે શ્રમબળ ભાગીદારી દરમાં વધારો થયેલો જોવા મળ્યો છે, જે રોજગાર પ્રાપ્ત અને બેકાર લોકોની પ્રતીતિ કરાવે છે. તો શું આ અર્થતંત્ર માટે સારી બાબત છે? પરંતુ સામે શ્રમિક વસ્તી ગુણોત્તરનું પ્રમાણ પણ વધે છે, જેમાં ખરેખર પ્રવર્તમાન વેતન દરે રોજગાર પ્રાપ્ત લોકોનો સમાવેશ થાય છે. જેથી કહી શકાય છે કે, શ્રમબળ ભાગીદારી દરમાં બેકાર લોકોની સરખામણીમાં રોજગાર પ્રાપ્ત લોકોનું પ્રમાણ વધુ હશે. આમ, અભ્યાસમાં એવા તારણો પર આવી શકીએ છે કે, સામયિક શ્રમ બળ સર્વે (PLFS) નાં રીપોર્ટ પ્રમાણે દેશમાં સામાન્ય સ્થિતિ (ps+ss) અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS) માં બેકારી દરમાં ઘટાડો થઈ રહ્યો છે જ્યારે, શ્રમબળ ભાગીદારી દર અને શ્રમિક વસ્તી ગુણોત્તરમાં વધારો નોંધાયો છે. પરંતુ અર્થતંત્રમાં વાસ્તવિક સ્થિતિ જોતાં શ્રમ બજારના સૂચકાંકોનું કંઈક અલગ જ ચિત્ર જોવા મળે છે.

## 13). સંદર્ભ સૂચી:-

➢ **ARTICLES:-**

1) Menon, R. and Nath, P. (2023, January 1). A Dynamic Analysis of Women's Labour Force Participation in Urban India. Research Article. Vol.33, Issue.4, Pp.766-785 https://Doi.Org/10.1177/10353046221136190
2) Digvijay, D.B. And Shafighi, N. (2021, August). Factors Affecting High Unemployment in India. Vol-10, Issue. 8, Pp. 56-63
3) Mitra, A. & Okada, A. (2017, Nov 17). Labour Market Participation in India: A Region-and Gender-Specific Study. Springer Briefs in Economics. Pp. 1-51 https://doi.org./10/1007/978-981-10-7143-0_1

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

4) Lahoti, R. & Swaminathan H. (2015, July 28). Economic Development and Women's Labour for Participation in India. Research Article. Pp.168-195 https://doi.org/10.1080/13545701.2015.1066022
5) Dev, S. M. and Venkatanarayana, M. (2011, April). Youth Employment and Unemployment in India. http://www.igidr.ac.in/pdf/publication/WP-2011-009.pdf
6) Article: Trends in Youth Employment in India: 2017-18 To 2022-23).

➢ **ANNUAL REPORT:-**

1) PERIODIC LABOUR FORCE SURVEY (PLFS) ANNUAL REPORT [JULY 2023 – JUNE 2024]

➢ **WEBSITE:-**

https://www.mospi.gov.in

https://ceda.ashoka.edu.in

https://www.forbesindia.com

**CMIE**- Centre for Monitoring Indian Economy
**PLFS**- Periodic Labour Force Survey, **CEDA**-Centre for Economic Data and Analysis

ISBN : 978-81-985609-7-1 Year : April-2025

# ગુજરાત રાજ્યમાં સામાજિક ક્ષેત્રે ભારત સેવાશ્રમ સંઘનું યોગદાન

[1]મેનકાબેન રોહિતકુમાર કાપડિયા , [2]ડૉ. ચંદ્રભાઇ સી. ચૌધરી

[1]વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,

[2]વાડીયા વુમન્સ કોલેજ, સુરત.

**સારાંશ :**

ભગવત્ પ્રેરણાથી યુગાચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદ મહારાજે સને ૧૯૬૦માં એક સંઘની સ્થાપના કરી હતી, જે સંઘ 'ભારત સેવાશ્રમ સંઘ" તરીકે ઓળખાય છે. સમાજમાં પ્રેમ, સહાનુભૂતિ, સેવા અને આત્મીયતા જેવા મૂળભૂત પાયાનો સ્વીકાર કરી વિવિધ માનવસેવાના કાર્યો કરવામાં આવી રહ્યાં છે. સમાજને એકજૂથ કરવા સામાજિક મિલનની યોજનાઓ બનાવી સમાજમાં પ્રસારિત અને અલગ અલગ સમાજે સ્વીકારેલા કુરિવાજો, પરંપરાગત પ્રથાઓ, અંધવિશ્વાસ, ખોટી માન્યતાઓ, અસ્પૃશ્યતા, મંદિરોના નિર્માણ, મંદિરોમાં પ્રવેશ, સમાજ દીઠ પૂજા વિધિઓ જેવી ભ્રમિત પરંપરાઓનું નિવારણ કરવા તેમજ સમાજ માટે યોગ્ય સંસ્કૃતિ વિકસાવવા, સેવાભાવ, પ્રેમ, આદર, સાદગી, સાર્વજનિક મિલનો, સંસ્કૃતિનો વ્યાપક પ્રચાર, વિવિધ કાર્યક્રમો તથા ઉત્સવો થકી સમાજના નાગરિકોને જાગૃત કરવા માટે ભારત સેવાશ્રમ સંઘના સ્થાપક પૂજનીય યુગાચાર્ય સ્વામી પ્રણવાનંદજી દ્વારા આપવામાં આવેલ યુગવાણી, માનવ જીવન જીવવાની પ્રણાલીઓ, ભારતીય સંસ્કૃતિના આદર્શ મૂલ્યો ટકાવવા, સ્વસ્થ સુંદર સમાજનું નિમાર્ણ કરવા માટે તેઓની દિર્ઘદ્રષ્ટિ સમાજ માટે અદ્‌ભૂત રહી હતી અને તેમના દર્શાવેલ પથ મુજબ આજે પણ ભારત સેવાશ્રમ સંઘ સમાજિક ક્ષેત્રે ધાર્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિવિધ પ્રવૃતિઓ કરી

રહી છે. ગુજરાત રાજયના વિવિધ જીલ્લાઓમાં ભારત સેવાશ્રમ સંઘ દ્વારા કરવામાં આવેલ કાર્યો અને શરૂ કરેલ કેન્દ્રો દ્વારા સામાજિકક્ષેત્રે કરવામાં આવેલ યોગદાન અતિમહત્વનું પૂરવાર થયેલ છે.

**કીવર્ડ** : સમાજ, ભારત સેવાશ્રમ સંઘ, સામાજિક, સેવાકાર્યો

**પ્રસ્તાવના**

